RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 173 Dt. 16-01-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ મુદ્દે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે કરી વાત

# ઈરાનમાં ફસાયેલા હિન્દુસ્તાનીઓ પરત આવશે

## અમેરિકા ગમે તે સમયે કરી શકે હુમલો : વિરોધના વંટોળ વચ્ચે ભારતે તૈયારીઓ આરંભી

નવીદિલ્હી, તા. ૧૫
ઈરાન બળવાની આગમાં ફસાયેલું છે. એવો ભય છે કે અમેરિકા ગમે ત્યારે તેના પર હુમલો કરી શકે છે. દરમિયાન, ભારતે ત્યાં રહેતા તેના નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે વ્યાપક તૈયારીઓ કરી છે. સૂત્રો કહે છે કે ઈરાનમાં બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રાલય ભારત પાછા ફરવા માંગતા ભારતીય નાગરિકોને પાછા લાવવાની તૈયારી કરી રહ્યું છે. સરકાર આમ કરવા માટે એક કાર્યવાહી શરૂ કરશે. અગાઉ, સરકારે ઈરાનમાં રહેતા તેના નાગરિકોને સ્થળાંતરના ઉપલબ્ધ માધ્યમોનો ઉપયોગ કરવા અને ત્યાં મુસાફરી કરવાનું ટાળવા કહ્યું હતું. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ મુદ્દે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમણે ઈરાનમાં બદલાતી પરિસ્થિતિ વિશે વિદેશ મંત્રી સાથે વાત કરી હતી અને ખાતરી મળી હતી કે ત્યાં ફસાયેલા જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

ઈરાનમાં અભ્યાસ કરતા જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓના માતા-પિતાએ કેન્દ્ર સરકારને તેમના બાળકોને પાછા લાવવા અપીલ કરી છે. એવો અંદાજ છે કે વિદ્યાર્થીઓ સહિત લગભગ ૧૦,૦૦૦ ભારતીયો હાલમાં ઈરાનમાં રહે છે. દરમિયાન, ઈરાનમાં ભારતીય દૂતાવાસે એક નવી સલાહકાર જારી કરીને વિદ્યાર્થીઓ,



ઉદ્યોગપતિઓ અને પ્રવાસીઓ સહિત નાગરિકોને સ્થળાંતર કરવા વિનંતી કરી છે. ભારત માટે પહેલી ફ્લાઇટ ઈરાનની રાજધાની તેહરાનથી રવાના થવાની ધારણા છે, જેમાં વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. સૂત્રો સૂચવે છે કે, ઈરાનમાં બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રાલય (ખઊઅ) ભારત પાછા ફરવા માંગતા ભારતીય નાગરિકોને પરત લાવવાની સુવિધા આપવા માટે તૈયારી કરી રહ્યું છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે તેહરાનમાં ભારતીય દૂતાવાસે વિવિધ વિસ્તારોમાં ભારતીય વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે જેથી કોણ જવા માંગે છે તે નક્કી કરી શકાય. જોકે, આ કાર્ય ભૌતિક રીતે કરવામાં આવી રહ્યું છે, કારણ કે ઘણા વિસ્તારોમાં ઇન્ટરનેટ સેવાઓ બંધ છે અને ફોન લાઇનો તૂટક તૂટક બંધ છે. ભારત સરકાર ચાલુ અશાંતિને કારણે વધતી સુરક્ષા ચિંતાઓ વચ્ચે ઈરાનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે કટોકટી યોજના તૈયાર કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થળાંતર કરનારાઓનો પહેલો જથ્થો આવતીકાલે, ૧૬ જાન્યુઆરીએ ફ્લાઇટ દ્વારા રવાના થઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનમાં બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રાલય ભારત પાછા ફરવા માંગતા ભારતીય નાગરિકોને સ્વદેશ પરત લાવવાની તૈયારી કરી રહ્યું છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે તેહરાનમાં ભારતીય દૂતાવાસે વિવિધ વિસ્તારોમાં ભારતીય વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે જેથી દેશ છોડવા માંગતા લોકોની ઓળખ કરી શકાય. જોકે, આ કાર્ય ભૌતિક રીતે કરવામાં આવી રહ્યું છે, કારણ કે

### ભારતીય વિદ્યાર્થીઓની સલામતી અંગે ચિંતાઓ વધી

ઈરાનમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો વચ્ચે ભારતીય વિદ્યાર્થીઓની સલામતી અંગે ચિંતાઓ વધી છે. ગયા મહિનાના અંતમાં ઈરાની રિયાલમાં તીવ્ર ઘટાડા પછી અશાંતિ શરૂ થઈ હતી અને ત્યારબાદ તે તમામ ૩૧ પ્રાંતોમાં ફેલાઈ ગઈ છે, જે મોટા રાજકીય પ્રદર્શનોમાં ફેરવાઈ ગઈ છે. અધિકાર જૂથોનો દાવો છે કે દેશભરમાં વિરોધ પ્રદર્શનો પર કડક કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૩,૪૨૮ લોકો માર્યા ગયા છે, અને તાજેતરના દિવસોમાં પરિસ્થિતિ ઝડપથી બગડી છે.

ઘણા વિસ્તારોમાં ઇન્ટરનેટ સેવાઓ બંધ છે અને ફોન લાઇનો સમયાંતરે કામ કરી રહી છે. ઇન્ટરનેટ કનેક્ટિવિટી ઉપલબ્ધ ન હોવાથી અને ટેલિકોમ્યુનિકેશન પર આધાર રાખી શકાતો નથી, તેથી દૂતાવાસના અધિકારીઓ વિદ્યાર્થીઓની ઓળખ કરવા અને વિગતો એકત્રિત કરવા માટે જમીન પર છે. સરકારી સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે ભારતીય નાગરિકોને ભારતમાં સુરક્ષિત રીતે પરત લાવવા સહિત, વિકસતી સુરક્ષા પરિસ્થિતિનો ઝડપથી જવાબ આપવા માટે તૈયારીઓ ચાલી રહી છે.

# ટ્રમ્પનો નવો ટાર્ગેટ મેક્સિકો

## મેક્સિકોના ડ્રગ કાર્ટેલ સામે કડક પગલાં લેવા કવાયત

નવીદિલ્હી , તા. ૧૫
સમગ્ર વિશ્વનું ધ્યાન હાલમાં મધ્ય પૂર્વ પર કેન્દ્રિત છે. ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને તેહરાન પર સંભવિત હુમલાની અટકળો વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવે, તેમની નજર સમુદ્ર પાર નહીં, પરંતુ પડોશી મેક્સિકો પર છે, જ્યાં ડ્રગ કાર્ટેલ સામે કડક પગલાં લેવાની ચર્ચા થઈ રહી છે. અહેવાલો અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર મેક્સિકો પર દબાણ કરી રહ્યું છે કે તેઓ યુએસ સૈનિકોને તેની સરહદોમાં પ્રવેશવા દે.

ખરેખર, યુએસ મેક્સિકોમાં ડ્રગ્સ (ખાસ કરીને ફેન્ટાનાઇલ) સામેની કાર્યવાહીમાં તેની સેનાને સામેલ કરવા માંગે છે. દરમિયાન, મેક્સિકન સરકાર વિદેશી લશ્કરી હસ્તક્ષેપને સ્પષ્ટપણે નકારી રહી




છે. યુએસ અધિકારીઓ મેક્સિકન સૈનિકો સાથે કામગીરી કરવા માટે સ્પેશિયલ ઓપરેશન્સ ટુકડીઓ અથવા ઈંઈઅ અધિકારીઓની મંજૂરી માંગી રહ્યા છે.

યુનાઈટેડ સ્ટેટ્સ મેક્સિકન ભૂમિ પર ફેન્ટાનાઇલ પ્રયોગશાળાઓનો નાશ કરવાના હેતુથી કામગીરીમાં ભાગ લેવા માટે યુએસ લશ્કરી દળોને મેક્સિકન મંજૂરી મેળવવાના પ્રયાસોને તીવ્ર બનાવી રહ્યું છે. યુએસ અધિકારીઓ ઈચ્છે છે કે શંકાસ્પદ ફેન્ટાનાઇલ ઉત્પાદન સ્થળો પર દરોડા દરમિયાન મેક્સિકન સૈનિકો સ્પેશિયલ ઓપરેશન્સ ટુકડીઓ અથવા ઈંઈઅ અધિકારીઓ સાથે જોડાય. ફેન્ટાનાઇલ કટોકટી અંગે બંને દેશો વચ્ચે ઉચ્ચ-સ્તરીય સુરક્ષા વાટાઘાટો પછી આ વિનંતી આવી છે.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ માદુરોની ધરપકડ પછી તરત જ, ટ્રમ્પે મેક્સિકોને ચેતવણી આપી હતી કે તે આગામી લક્ષ્ય હોઈ શકે છે. તેમણે કહ્યું, ‘‘હવે અમે ડ્રગ હેરફેર કરનારાઓ સામે કાર્યવાહી કરવા જઈ રહ્યા છીએ. મેક્સિકો ડ્રગ હેરફેર કરનારાઓના નિયંત્રણ હેઠળ છે. તે દેશની સ્થિતિ જોઈને ખૂબ જ દુઃખ થાય છે, પરંતુ ડ્રગ હેરફેર કરનારાઓ રાજ કરે છે અને તેઓ દર વર્ષે આપણા દેશમાં ૨૫૦,૦૦૦ થી ૩૦૦,૦૦૦ લોકોને મારી રહ્યા છે.‘‘ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે આ ડ્રગ કાર્ટેલનો સામનો કરવા માટે યુએસ મેક્સિકોમાં જમીની લક્ષ્યો પર હુમલો કરી શકે છે.

### ડેનમાર્ક સહિત છ નાટો દેશોએ ગ્રીનલેન્ડમાં લશ્કરી શક્તિ વધારી

# ગ્રીનલેન્ડની વહારે NATO

નવીદિલ્હી , તા. ૧૫
ગ્રીનલેન્ડ અંગે અમેરિકા અને ડેનમાર્ક વચ્ચેની વાટાઘાટો નિષ્ફળ ગઈ છે, જેના કારણે તણાવ વધી ગયો છે. ડેનમાર્કે સ્પષ્ટપણે કહ્યું છે કે અમેરિકા સાથે તાજેતરની વાતચીત છતાં, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ બદલાયું નથી અને અમેરિકા આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ આર્કટિક ક્ષેત્ર પર નજર રાખવાનું ચાલુ રાખે છે. વ્હાઇટ હાઉસમાં થયેલી બેઠકો બાદ, ડેનિશ વિદેશ પ્રધાન લાર્સ લોકે રાસમુસેને મીડિયાને જણાવ્યું હતું કે તે સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે અમેરિકન રાષ્ટ્રપતિ ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવા માંગે છે. તેમણે આને બંને દેશો વચ્ચે મૂળભૂત મતભેદ ગણાવ્યો. દરમિયાન, ડેનમાર્ક સહિત છ નાટો દેશોએ ગ્રીનલેન્ડમાં તેમની લશ્કરી તૈનાતી વધારી દીધી છે.



ડેનમાર્ક હેઠળના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડની રક્ષા માટે અત્યાર સુધીમાં ૬ મોટા દેશોએ પોતાના સૈનિકો અને લશ્કરી કર્મચારીઓ તહેનાત કરવાની જાહેરાત કરી છે, જેમાં સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસનએ જવાનો મોકલવાની પુષ્ટિ કરી છે. નોર્વેએ બે લશ્કરી ટીમો રવાના કરી છે. જર્મનીએ દરિયાઈ દેખરેખ અને જાસૂસી મિશન માટે સૈનિકોની ટીમ મોકલી છે. ફ્રાન્સે સાથી દેશોની સંયુક્ત કવાયતમાં જોડાવા લશ્કરી ટીમ મોકલી. નેધરલેન્ડ અને કેનેડાએ પણ આ લશ્કરી કવાયતનો ભાગ બન્યા છે.

સંરક્ષણ નિષ્ણાતો આ લશ્કરી હિલચાલને બે રીતે જોઈ રહ્યા છે. યુરોપિયન દેશો અને કેનેડા ટ્રમ્પને એ સંદેશ આપી રહ્યા છે કે ગ્રીનલેન્ડની સુરક્ષા માટે આખું નાટો સંગઠિત છે. જો ટ્રમ્પ કબજો મેળવવાનો પ્રયાસ કરશે, તો તેમણે માત્ર ડેનમાર્ક જ નહીં પણ પોતાના જૂના સાથી દેશોના વિરોધનો પણ સામનો કરવો પડશે. બીજી તરફ, આ દેશો એવું પણ દર્શાવી રહ્યા છે કે જો ટ્રમ્પને રશિયા કે ચીનનો ડર હોય, તો તેનો ઉકેલ ગ્રીનલેન્ડ પર કબજો નથી, પરંતુ નાટોના માધ્યમથી લશ્કરી હાજરી વધારવાનો છે. ઉલ્લેખનીય છેકે, ગ્રીનલેન્ડ હવે માત્ર બરફનો ટાપુ નથી રહ્યો, પરંતુ અમેરિકા અને તેના યુરોપિયન સાથીઓ વચ્ચેના સંઘર્ષનું કેન્દ્ર બની ગયો છે. આગામી દિવસોમાં આર્કટિક ક્ષેત્રમાં સૈન્ય ગતિવિધિઓ વધુ તેજ બને તેવી શક્યતા છે.

# એક વર્ષમાં ૨૨૩ કરોડની સરકારી જગ્યા દબાણમુક્ત

## ૧૩ લાખ ચોરસ મીટર જગ્યા પર ફર્યું બુલડોઝર : ઓપરેશન ડિમોલિશન યથાવત

રાજકોટ, તા. ૧૫.
રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને દબાણ મુક્ત કરવાનો જે નિર્ણય લીધો છે તે અનુસરવા હાલ સ્થાનિક પ્રશાસનને કડક સૂચના અને આદેશ પણ કરી દેવામાં આવ્યો છે ત્યારે મળતી માહિતી મુજબ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા ૨૨૧ કરોડની સરકારી જમીન પરથી દબાણો દૂર કરવામાં આપ્યા હોવાનું પણ જણાઈ રહ્યું છે એટલું જ નહીં જિલ્લા કલેક્ટર ડોક્ટર ઓમ પ્રકાશ એ જણાવ્યું હતું કે આવનારા સમયમાં આ ઝુંબેશ યથાવત ચાલુ રહેશે જે માટેની સૂચનાઓ તમામ લગત અધિકારીઓને આપી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ડોક્ટર ઓમ પ્રકાશ એ જણાવ્યું હતું કે રાજકોટ સહિત જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૧૩,૦૦,૦૦૦ ચોરસ મીટર જમીન ઉપર થી દબાણો દૂર કરવામાં આવ્યા છે. હાલ કલેક્ટર કચેરીમાં પ્રતિમાસ રેવન્યુ અધિકારીઓની બેઠકમાં ડિમોલિશનની કામગીરી અંગે પણ ચર્ચા અને વિચારણા કરવામાં આવતી હોય છે અને સમયાંતરે ફળ મુલાકાત કરવા અને વિસ્તારોની મુલાકાત લેવા માટે પણ જણાવવામાં આવે છે.

છેલ્લા એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મી. જમીન પર ખડકાયેલા દબાણો હટાવવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીન પરના દબાણોના કારણે સરકારની વિવિધ વિકાસલક્ષી પ્રોજેપકટ અને જમીન ફાળવણી જેવી પ્રક્રિયાઓમાં અવરોધ ઉભો થતો હોય છે. જાહેર જનતાના હિતમાં કરવામાં આવતી કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે તેવા હેતુથી દબાણ હટાવવાની કામગીરી તંત્ર માટે એક આવશ્યક મેન્ડેટ બની જવા પામી છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણોને હટાવવા માટે તમામ જિલ્લાઓના કલેકટરોને આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના પૂર્વ કલેકટર પ્રભવ જોશીના સમયકાળમાં પણ દબાણ હટાવ ઝુંબેશને શરૂ રાખવામાં આવી હતી. જે હાલના કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા આગળ ધપાવવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓમાં એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મીટર સરકારી જમીન પરથી કાચા- પાકા બાંધકામો અને કૃષિ વિષયક દબાણો હટાવવામાં આવેલ છે. જે આ જમીનની કિંમત રૂા.૨૨૧ કરોડ થવા જાય છે. આગામી સમયમાં પણ આ દબાણ હટાવ ઝુંબેશને શરૂ રાખવામાં આવશે તેમ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું.

પ્રાંત અધિકારી તથા મામલતદારને ખાસ રેવન્યુ વિભાગ દ્વારા સૂચિત કરવામાં આવ્યા છે અને જણાવાયું છે કે તેમના વિસ્તારમાં જેટલી સરકારી જગ્યાઓ પડેલી હોય તેમાં દબાણ છે કે નહીં તે અંગે માહિતી એકત્રિત કરવામાં આવે અને જો કોઈપણ સ્થિતિમાં દબાણો દેખાય તો તેને તાકીદે દૂર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. જે વાતની ગભરતાને ધ્યાને લઈ આગામી દિવસોમાં પણ ડિમોલિશન ઝુંબેશ યથાવત રીતે ચાલુ રાખવામાં આવશે તેમ કલેક્ટર ઓમ પ્રકાશે માહિતી આપતા જણાવ્યું હતું. ભૂતકાળમાં અનેકવિધ સરકારી જમીન ઉપર દબાણો ખડકી દેવાયા છે અને તે આજે પણ યથાવત છે ત્યારે હાલ તમામ તપાસ કર્યા બાદ તંત્ર દ્વારા ડિમોલિશન કરવામાં આવી રહ્યું છે.



રોકાણ પર નફાની લાલચ આપી ત્રણ મહિના નફો દીધો, પછી દીધી ગાળો અને ધમકી!

# દિલ્હીની યુવતિ સાથે ૧૨।। લાખની ઠગાઈ

## શીતલ પાર્ક પાસે ઈન્વેસ્ટમેન્ટની ઓફિસ ધરાવતાં શખ્સ વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસે દાખલ કરી FIR
## ઓફિસ બંધ થતાં યુવતિ ઘરે પૈસા લેવા જતાં કહ્યું-રાજકોટમાં પણ ક્યાંય દેખાઈશ તો જીવતી નહિ મુકું!

રાજકોટ, તા.૧૫
રોકાણ પર નફાની સ્કીમના નામે ઘણા લોકો બીજા રોકાણકારોનું કરી નાંખતા હોય છે. વધુ એક વખત આવી ઘટના સામે આવી છે જેમાં રાજકોટ રહેતી અને ઓનલાઇન જોબ અપાવવાનું કામ કરતી યુવતિ સાથે શિતલ પાર્કમાં ઈન્વેસ્ટમેન્ટની ઓફિસ ધરાવતાં શખ્સે રોકાણ પર નફો આપવાના નામે સાડા બાર લાખની ઠગાઇ કરી છે. રોકાણ કરવા પર યુવતિને શરૂઆતના ત્રણ મહિના નફો આપ્યો હતો. પરંતુ બાદમાં આ શખ્સે નફો પણ ન આપી અને રકમ પણ પાછી ન દઇ માથે જતાં તેણીને ગાળો દઇ મારી નાંખવાની ધમકી આપી હતી.

વિગતો પર નજર કરીએ તો સાધુ વાસવાણી રોડ વિસ્તારમાં રહેતી અને ઓનલાઈન જોબ કન્સલ્ટન્સી ચલાવતી મુળ નવી દિલ્હીની અઠ્ઠાવીસ વર્ષીય યુવતી સાથે ઠગાઇનો બનાવ બન્યો છે. દોઢસો ફૂટ રિંગ રોડ પર ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ ધરાવતા શખ્સે રોકાણ પર નફાની લાલચ આપી કુલ રૂા. બાર લાખ પચાસ હજાર પડાવી લીધા બાદ રકમ પરત માંગતા યુવતીને ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે મુળ નવી દિલ્હી શિવ વિહારના અને હાલ સાધુ વાસવાણી રોડ પર યોગીનગર કોમ્પલેક્ષ બીજા માળે રહેતાં દામીનીબેન




રાજેન્દ્રકુમાર પ્રજાપતિ (ઉ.વ.૨૮)ની ફરિયાદ પરથી સાધુ વાસવાણી રોડ સરીતા શેરી નં. ૫ કેશવી સુપર માર્કેટ પાસે સુર્યકૃપા ખાતે રહેતાં રાજદિપસિંહ ભરતસિંહ જાડેજા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

દામિનીબેને ફરિયાદમાં જણાવ્યું છે કે તે પોતાના ભાઈ સાથે રાજકોટ રહે છે અને સક્સેસ કિંગડમ નામે પ્રોપરાઈટરશીપ ફર્મ ચલાવે છે અને ઓનલાઈન જોબ અપાવવાનું કામકાજ કરે છે. તેઓ છેલ્લા બે વર્ષથી રાજદીપસિંહ ભરતસિંહ જાડેજાના સંપર્કમાં હતા. જુલાઈ ૨૦૨૪માં દામિનીબેને રાજદીપસિંહની ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શીતલ પાર્ક પાસે ધ સ્પાયર બિલ્ડિંગમાં આવેલી જાડેજા બ્રધર્સ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ નં. ૧૩૩૦ ખાતે રોકાણ માટે ગયા હતાં. વિશ્વાસમાં આવીને તેમણે પ્રથમ વખત ૨,૫૦,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ ગત તા. ૦૧/૦૭/૨૦૨૫ના રોજ એ જ ઓફિસે ફરી ૧૦,૦૦,૦૦૦ રૂપિયાનું મોટું રોકાણ કર્યું હતું.

આ રીતે તેણીએ કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦ રૂપિયા રાજદીપસિંહને સોંપવામાં આવ્યા હતા. રોકાણ કર્યા બાદ શરૂઆતના ત્રણ મહિના સુધી રાજદીપસિંહે કરાર મુજબ નફો આપ્યો હતો. પરંતુ ત્યારબાદ નફો કે મુળ રકમ આપવાનું બંધ કરી દીધું હતું. દામિનીબેને અનેકવાર ફોન કર્યા અને ઓફિસે ધક્કા ખાધા પરંતુ રાજદીપસિંહે સંતોષકારક જવાબ આપ્યો નહોતો. ગત તા. ૦૭/૦૧/૨૦૨૬ ના રોજ જ્યારે દામિનીબેન તેમના ભાઈ પ્રિન્સ સાથે ઓફિસે ગયા ત્યારે જાણવા મળ્યું કે રાજદીપસિંહે ઓફિસ બંધ કરી દીધી છે અને ત્યાંથી ગાયબ થઈ ગયેલ છે.

ઓફિસ બંધ હોવાથી દામિનીબેન અને તેમના ભાઈ પ્રિન્સ સાંજે સાતેક વાગ્યે રાજદીપસિંહના ઘરે સાધુ વાસવાણી રોડ ખાતે પહોંચ્યા હતા. દામિનીબેને પોતાની રકમ પરત માંગતા રાજદીપસિંહે ઉશ્કેરાઈ અભદ્ર ગાળો દીધી હતી અને ધમકી પણ દીધી હતી કે- તારા પૈસા હવે પાછા નહીં મળે અને જો ફરીથી પૈસા માંગ્યા કે રાજકોટમાં ક્યાંય દેખાઈશ તો તને જાનથી મારી નાખીશ. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ એએસઆઇ જે. એલ. બાળાએ એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# BMC ચૂંટણીમાં ખીલશે કમળ

## ૨૨૭ માંથી ૧૭૦ સીટ ઉપર જીતીને ભાજપનું સ્ટ્રીમ રોલર મુંબઈ કોર્પોરેશનમાં ફરે તો નવાઈ નહીં



નાથાભાઈ કાલરીયા

રાજકોટ, તા.૧૫
ગઈકાલે બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી યોજાઈ હતી ત્યારે આ ચૂંટણીના પરિણામને લઈ અનેકવિધ આગાહી થઈ રહી છે જેમાં હાલ જે વિગતો મળી રહી છે તેમાં ભાજપ અને ભાજપ સહયોગી પાર્ટીઓનો વિજય થાય તેવું આગાહીકારો ચર્ચી રહ્યા છે. બીજી તરફ, શિવસેના UBT એ ખગજ સાથે ગઠબંધન કર્યું છે. UBT ૧૬૩ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે ખગજને ૫૨ બેઠકો મળી છે. કોંગ્રેસે વંચિત બહુજન આઘાડી (VBA) સાથે ગઠબંધન કર્યું છે. કોંગ્રેસ ૧૪૩ બેઠકો પર ચૂંટણી લડી રહી છે જ્યારે VBA ને ૪૬ બેઠકો આપવામાં આવી છે. NCP એ કોઈની સાથે હાથ મિલાવ્યા નથી. અજિત જૂથનો આ પક્ષ ૯૪ બેઠકો પર ચૂંટણી લડી રહ્યો છે. BMC ચૂંટણીમાં કુલ ૨૨૭ બેઠકો પર ચૂંટણી લડાઈ રહી છે. ભાજપ અને શિવસેના (શિંદે જૂથ) વચ્ચે ગઠબંધન છે. ભાજપ ૧૩૭ બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે જ્યારે શિંદેના શિવસેનાએ ૯૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે.

મહારાષ્ટ્રની BMC ચૂંટણી ગઈકાલે યોજાઈ હતી. ત્યારે રાજકીય વિશ્લેષકો આ ચૂંટણી અંગે અનેકવિધ આગાહી કરી રહ્યા છે ત્યારે નાથાભાઈ કાલરીયાએ આગાહી કરતા કહ્યું છે કે, મુંબઈ કોર્પોરેશનમાં ૨૨૭ સીટ છે એમાંથી ભાજપને ૮૦ આસપાસ સીટ અને ભાજપ સહયોગી પાર્ટી ઓને ૭૦ સીટ એટલે ૨૨૭ માંથી ૧૭૦ સીટ ઉપર જીતીને ભાજપનું સ્ટ્રીમ રોલર મુંબઈ કોર્પોરેશનમાં ફરી વળે તો નવાઈ નહીં. આ સિવાય ચીજરીવાડમાં અજીત પવાર અને શરદ પવારનું શાસન આવશે. પુણ્યમાં ભાજપને મહા અગાડીનું શાસન આવશે નાગપુરમાં ભાજપ પ્રેરિત મહા અગાડી જીતશે વસઈ વિરારમાં મહા અગાડી ભાજપ સિંધે સેનાએ જોર કર્યું છે.

આગાહીકારોનું માનવું છે કે રસાકસી વાળું રીઝલ્ટ હશે પણ હિતેન્દ્ર ઠાકોર બહુ જન અગાડી જીતવાનું દેખાઈ રહ્યું છે મીરા ભાયંદરમાં ભાજપ જીતશે. મહારાષ્ટ્રમાં ભાજપનું સ્ટીમ રોલર ફરી વળશે મોટાભાગની કોર્પોરેશનમાં ભાજપની જીત થશે આ મારી સ્પષ્ટ આગાહી છે એટલે કે મુંબઈમાં ૨૨૭ માંથી ૧૫૦ આસપાસ ભાજપ અને સહયોગી પાર્ટી જીતશે.

# સામાન્ય ઝાકળ વર્ષા વચ્ચે રાજકોટમાં AQI ૩૦૦ને પાર

## રેસકોર્સ અને રેલવે સ્ટેશનમાં સૌથી ઓછો માત્ર ૨૦ AQI નોંધાયો




રાજકોટ, તા. ૧૫
રાજકોટમાં આજે સવારે કાતિલ ઠંડીના દોર વચ્ચે સામાન્ય ઝાકળ વર્ષા થવાથી શહેરના અનેક વિસ્તારોમાં AQI ૩૦૦ ને પાર કરી ગયો હતો. મહાનગરપાલિકા દ્વારા આજે સવારના નવ વાગ્યે જાહેર કરાયેલા આંકડા મુજબ સૌથી વધુ AQI સોરઠીયાવાડી વિસ્તારમાં નોંધાયો હતો. આવી જ રીતે જામટાવર, મનપા સેન્ટ્રલઝોન કચેરી વિસ્તાર પ્રદ્યુમન પાર્ક સહિતના વિસ્તારોમાં પણ ૧૬૯થી લઈને ૩૦૦ની ઉપર એક્યુઆઈની નોંધ થઈ હતી.છેલ્લા કેટલાંક દિવસોથી કાતિલ ઠંડીના દોર વચ્ચે આજે રાજકોટવાસીઓને વહેલી સવારે ઝાકળવર્ષાનો પણ અનુભવ કર્યો હતો. ભેજનું પ્રમાણ વધવા સાથે શહેરના અનેક વિસ્તારોમાં હવામાં પ્રદુષણનું પ્રમાણ વધ્યું હતું.

આમાં સૌથી વધુ સોરઠીયાવાડીમાં ૩૨૫, જામટાવરમાં ૩૦૨, મનપા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૨૯૩ નાના મવા સર્કલમાં ૨૦૮, પ્રદ્યુમન પાર્કમાં ૧૬૯ અને ડિલક્સ વિસ્તારમાં ૧૨૮ AQI નોંધાયો હતો. જ્યારે સૌથી ઓછો રેસકોર્સ અને રેલવે સ્ટેશનમાં માત્ર ૨૦ AQI નોંધાયો હતો.મહાનગરપાલિકા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં હવાનું પ્રદુષણ નોંધવામાં આવે છે. ગઈકાલે મકરસંક્રાંતીની રજાને કારણે વાહનવહેવાર ઓછો હોવાથી સવારથી આખા દિવસ દરમિયાન એક્યુઆઇ પણ સામાન્ય સ્તરનો રહ્યો હતો. પણ, આજે સામાન્ય ઝાકળવર્ષા વચ્ચે ફરીથી એક્યુઆઈ ઉંચકાયો હતો. આમાં ડિલક્સ ચોકમાં ૧૨૮, મહાનગરપાલિકા ઈસ્ટઝોનમાં ૪૮, રેસકોર્સમાં ૪૫, કોઠારિયામાં ૨૦, મહિલા કોલેજ ચોકમાં ૬૭, જડુસ ચોકમાં ૨૮, મોરબી રોડ પર ૮૯, જિલ્લા પંચાયત ચોકમાં ૫૬, રેલવે સ્ટેશન વિસ્તારમાં ૨૦, ત્રિકોણબાગમાં ૩૪, આજીડેમ વિસ્તારમાં ૯૫, આરએમસી સેન્ટ્રલઝોન વિસ્તારમાં ૨૯૩, જામટાવર વિસ્તારમાં ૩૦૨, રામદેવપીર ચોકડીમાં ૧૮૩, સોરઠિયાવાડીમાં ૩૨૫, નાનામવા સર્કલમાં ૨૦૮ અને પ્રદ્યુમનપાર્કમાં ૧૬૯ AQI નોંધાયો હતો. દરમિયાન ગઈકાલે આખો દિવસ દરમિયાન આ તમામ વિસ્તારોમાં સૌથી વધુ ગ્રીનલેન્ડ ચોકડીમાં ૧૬૨, અટિકામાં ૧૭૧ અને નાના મવામાં ૧૦૫ એક્યુઆઇ સિવાય અન્ય તમામ વિસ્તારમાં ૧૦૦ની અંદર નોંધાયો હતો.



# ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનો સાદગીથી ઉજવાયો જન્મદિવસ

## ૬૨ વર્ષ પૂરા કરી ૬૩માં વર્ષમાં કર્યો પ્રવેશ

રાજકોટ, તા.૧૫
જનસેવા માટે જાણીતા અને લોકોમાં અનેરી લોકચાહના ધરાવતા ૭૦-રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનો આજે ૧૫મી જાન્યુઆરીએ જન્મ દિવસ હતો. તેઓએ પોતાના સાદગીસભર જીવનના ૬૨ વર્ષ પૂર્ણ કરી ૬૩મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. તેઓ છેલ્લા અનેક વર્ષોથી લોકઉપયોગી- લોક હિતાર્થે સતત સેવારત રહેતા હોવાનું જોવા મળે છે. રાજકીય કાર્ય સાથે સાથે સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે તેમની સક્રિય અને નોંધપાત્ર ભૂમિકા રહી હોવાનું કહેવું અનુચિત નથી. પ્રજાનાપ્રશ્નો પ્રત્યે સંવેદનશીલતા, વિકાસલક્ષી અભિગમ અને'સતત સંપર્કમાં રહેવું તેમની કાર્યશૈલીની વિશેષ ઓળખ બની ગઈ છે. હાલમાં તેઓ વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી રહ્યા છે.

ખાસ કરીને ચેરમેન - શાપર- વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશન, પ્રેસિડેન્ટ - રાજકોટ જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન, રાજકોટ, ટ્રસ્ટી - ખોડલધામ ટ્રસ્ટ, કાગવડ ટ્રસ્ટી - સરદાર પટેલ કલ્ચર ફાઉન્ડેશન, રાજકોટ- ટ્રસ્ટી - કાઠિયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ, રાજકોટ ટ્રસ્ટી - એ.પી.પટેલ કન્યા છાત્રાલય, રાજકોટ ટ્રસ્ટી-સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ સુરત ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ ટ્રસ્ટી, નાથદ્વારા- હરિદ્વાર- દ્વારકા ટ્રસ્ટી - અન્નપૂર્ણાધામ, અડાલજ -અમદાવાદ ટ્રસ્ટી - લેઉઆ પટેલ અતિથિ ભવન, સોમનાથ સભ્ય- બોર્ડ ઓફ ટ્રેડ. વાણિજ્ય અને ઔદ્યોગિક મંત્રાલય, ભારત સરકાર ટ્રસ્ટી -સરદારધામનો સમાવેશ થાય છે.રમેશભાઈ ટીલાળાના આજે જન્મદિવસ નિમિત્તે તેઓએ રેસકોર્ષમાં મોટી સંખ્યામાં બાળકોને સાથે રાખીને કેક કાપી બાળકોને ખવડાવી હતી તો ઉપસ્થિત સૌ બાળકોએ રમેશભાઈનું માસ્ક પહેરીને પોતપોતાની રમેશભાઈ ટીલાળા પ્રત્યેની લાગણી છતી કરી હતી. આજના દિવસે રાજકીય, સામાજીક, ઔદ્યોગિક તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકોએ તેમને શુભેચ્છાઓ પાઠવી તેમના આરોગ્યસભર, દીર્ઘાયુષ્ય અને લોકસેવામાં સતત સફળ જીવન માટે શુભકામનાઓ વ્યક્ત કરીને ઢેર સારી શુભેચ્છાઓ આપી હતી.

## સંક્રાંતિની બપોરે માતા નોકરી પર હતાં, પિતા બહારથી આવ્યા ત્યારે દિકરો લટકતો મળ્યો

# કોલેજીયને ખાધો ફાંસો

રાજકોટ, તા. ૧૫
આપઘાતની એક અરેરાટી ભરી ઘટના ઉતરાયણના દિવસે જ બની હતી. જેમાં એક પવિારના એકવીસ વર્ષના કોલેજીયન દિકરાએ જિંદગી ટુંકાવી લીધી હતી. શહેરના જામનગર રોડ પર તોપખાનામાં રહેતાં કોલેજીયન યુવાને મકર સંક્રાંતિના તહેવારને દિવસે જ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

કરૂણતા એ છે કે આ યુવાન બે બહેનનો એકનો એક નાનો ભાઇ અને માતા-પિતાનો આધારસ્તંભ હતો. તેની સગાઇ થઇ ગઇ હતી અને ટુંક સમયમાં લગ્ન કરવાના હતાં. વધુ માહિતી જોઇએ તો તોપખાના શેરી નં. ૪માં રહેતાં વંશ સુરેશભાઇ ઝાલા નામના યુવાને સંક્રાંતિના દિવસે બપોરે ત્રણેક વાગ્યે ઘરે ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. વંશ બે બહેનથી નાનો હતો અને કોમ્પ્યુટરનું કામ કરવા સાથે કોલેજમાં અભ્યાસ કરતો હતો. તેના પિતા ફોટોગ્રાફી અને વિડીયો શુટીંગનું કામ કરે છે. જ્યારે માતા રંજનબેન એઇમ્સમાં નોકરી કરે છે.



ઘટનાની વિગતો આપતાં મૃતક વંશના પિતા સુરેશભાઇ ઝાલાએ જણાવ્યું હતું કે હું સગાને ત્યાં ગયો હતો. બપોરે ત્રણેક વાગ્યે ઘરે આવ્યો ત્યારે દરવાજો બંધ હતો. મારા પત્નિ નોકરીએ હતાં. દરવાજો ખખડાવવા છતાં દિકરા વંશે ખોલ્યો નહોતો, આથી મેં ફોન જોડ્યો હતો. પણ ફોન લાગ્યો નહોતો. અંતે બેરલ ઉપર ચડીને બારીમાંથી જોતાં દિકરો લટકતો જોવા મળ્યો હતો. જેથી દરવાજો તોડી બેભાન હાલતમાં નીચે ઉતારી હોસ્પિટલે ખસેડ્યો હતો. પરંતુ ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. વંશની સગાઇ થઇ ગઇ હતી. આગામી સમયમાં લગ્ન કરવાના હતાં. તેણે આ પગલુ શા માટે ભર્યુ? તેની અમને જાણ નથી. તેમ પિતાએ કહ્યું હતું. અંતિમવિધી બાદ પોલીસ આગળ કાર્યવાહી કરી આપઘાતનું કારણ જાણવા તપાસ કરશે.

# રૈયાધારમાં પતંગ સાથે પાઈપ ઉડ્યા : જુના ડખ્ખામાં યુવાન પર પડોશીઓ તૂટી પડ્યા

રાજકોટ, તા. ૧૫
બટાઝટીની ઘટના ઉતરાયણના તહેવારના દિવસે બની હતી. જેમાં રૈયાધાર વિસ્તારમાં રાધીકા પાન પાસે રહેતાં યુવાન પર જુના મનદુઃખને લીધે પડોશમાં જ રહેતાં બે ભાઇઓએ લોખંડ અને પ્લાસ્ટીકના પાઇપથી હુમલો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર રાધીકા પાન પાસે રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં બાવીસ વર્ષના કૌશલ નિતીનભાઇ મકવાણાની ફરિયાદ પરથી તેના પડોશમાં જ રહેતાં ભાવેશ પ્રવિણભાઇ વોરા તથા સચીન પ્રવિણભાઇ વોરા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

કૌશલ મકવાણાએ પોલીસને જણાવ્યું હતું કે આશરે પંદર દિવસ પહેલા તેમના મોટા બાપુ દિનેશભાઈના ઘરે ભાવેશ વોરા અને સચીન વોરા ગયા હતા અને ત્યાં તોડફોડ કરી હતી. તે સમયે તેણે આ બંનેને ફોન કરીને ઠપકો આપ્યો હતો. બાદમાં તે મેટરમાં સમાધાન થઈ ગયું હતું. તેમ છતાં, આરોપીઓએ આ વાતનું મનદુઃખ રાખ્યું હતું. સંક્રાંતિની સવારે સવારે અગિયારેક વાગ્યાના અરસામાં જ્યારે કૌશલ અને તેના પત્નિ વંદનાબેન ઘરે હતા.

એ વખતે ભાવેશ વોરા નંબર પ્લેટ વગરના બુલેટ પર અને સચીન વોરા રિક્ષા નં. જીજે૦૩બીટી-૧૬૫૮ લઇને આવ્યો હતો. બાદમાં આ બંનેએ પંદર દિવસ પહેલા તે અમને ફોન કેમ કર્યો હતો? તેમ કહી બોલાચાલી શરૂ કરી હતી. કૌશલે જ્યારે એ વાતનું તો આપણે સમાધાન થઈ ગયું હતું તેમ કહેતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. આ પછી બંનેએ લોખંડ અને પ્લાસ્ટીકના પાઇપથી હુમલો કરી કૌશલને આડેધડ માર માર્યો હતો.

હુમલા બાદ કૌશલે ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરતા બંને આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ આરોપીઓએ મોબાઈલ નંબર પરથી ફોન કરીને કૌશલને ગાળો આપી હતી અને તને તો આજે જાનથી મારી નાખવો છે તેવી ધમકી આપી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના આસી સબ ઈન્સ. જે.એલ. બાળાએ એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# બસ સ્ટેશન પાછળ નેપાળી યુવાન પર રિક્ષાચાલકોનો હુમલો

રાજકોટ, તા.૧૫
શહેરના એસટી બસ પોર્ટ પાછળ એક યુવાન પર હુમલો કરી રિક્ષાચાલકો પૈસા પડાવી ગયાની ઘટના બની હતી. ડો. યાજ્ઞિક રોડ પર ન્યુ જાગનાથ પ્લોટ-૨૦માં આવેલા આનંદ સ્નેક્સમાં પંજાબી ચાઈનીઝના કારીગર તરીકે કામ કરતાં અને ત્યાં જ રહેતાં ચાલીસ વર્ષના પ્રકાશભાઇ કલબહાદુર નેપાળીને સવારે એસટી બસ સ્ટેશન પાછળ હતો ત્યારે મારકુટ થતાં અને આંખમાં કંઇક છાટવામાં આવતાં બેભાન જેવો થઇ ગયો હતો. ભાનમાં આવ્યા બાદ સારવાર માટે દાખલ થયો હતો. તેણે બે રિક્ષાવાળાએ સાંઇઠેક હજારની રોકડ પણ પડાવી લીધાનો આક્ષેપ કરતાં તપાસ થઇ રહી છે. જાણવા મળ્યા મુજબ પ્રકાશભાઇને બપોરે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં બનાવની જાણ એ-ડિવીઝન પોલીસને કરવામાં આવી હતી. પ્રકાશભાઇ કોઇ કામ સબબ અમદાવાદ ગયા હતાં. ત્યાંથી સવારે ચારેક વાગ્યે રાજકોટ પહોંચ્યા અને બસ સ્ટેશન પાછળ હતાં ત્યારે રિક્ષાવાળાએ આંખમાં કંઇક છાંટી દેતાં બેભાન જેવો થઇ ગયો હતો. ભાનમાં આવ્યો ત્યારે માથામાં છરીના ઘા જેવી ઇજાઓ પણ હોઇ સારવાર માટે આવ્યો હતો. પોતાના ખિસ્સામાંથી સાંઇઠ હજાર પણ ગાયબ હોવાનો આક્ષેપ કર્યો હતો. પ્રકાશભાઇ ચાર ભાઇ અને ચાર બહેનમાં મોટો છે. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. ખરેખર શું ઘટના બની? તેની તપાસ પોલીસે હાથ ધરી હતી.

## નવનીતભાઈ બાલધિયાના હુમલાખોરોને પકડીને ન્યાય આપોની માંગ સાથે

# બગદાણામાં આત્મવિલોપનનો પ્રયાસ કરનાર ૪ની ધરપકડ

## યુવાનો દીવાસળી ચાંપે તે પહેલા જ હાજર પોલીસે કાફલાએ ચારેયને દોબોચી લીધા

રાજકોટ, તા.૧૫
ભાવનગરના બગદાણામાં કોળી સમાજના આગેવાન પર હુમલો કરનારની તાકીદે ધરપકડ કરી કડક પગલાં ભરવાની સપ્તાહની માંગ થઇ રહી છે. છતાં કોળી સમાજના આક્ષેપ મુજબ કાઈ ઘટતું ન કરાતું હોવાના આક્ષેપ સાથે આજે ચાર યુવાનોએ શરીરે પ્રવાહી છાંટી આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો પણ કોઈ અજુગતી ઘટના બને તે પહેલાજ પોલીસે ચારેય યુવાનોને રાઉન્ડઅપ કરીને પોલીસ થાણે બેસાડી દીધા હતા.



પ્રાપ્ત વિગતો મુજબ આજે ૧૫મી જાન્યુઆરીના રોજ બગદાણા ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. આ દરમિયાન ચાર યુવાનો અચાનક બોટલમાં જ્વલનશીલ પદાર્થ લઈ આવ્યા હતા અને પોતાના શરીર પર છાંટવાનો પ્રયાસ કર્યો હતો. આ યુવાનો 'નવનીતભાઈને ન્યાય આપો'ના નારા લગાવી રહ્યા હતા. પોલીસે સમયસૂચકતા વાપરી ચારેય યુવકોની અટકાયત કરી છે અને પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે તેમને તાત્કાલિક અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા છે.

કોળી સમાજના અગ્રણીઓ અને યુવાનોમાં અન્યાયની લાગણી પ્રવર્તી રહી છે, જેને પગલે આ આત્યંતિક પગલું ભરવામાં આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બગદાણામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા શાંતિ જાળવવા માટે સતત પ્રયત્નો કરાયા હતા.

ઉલ્લેખનીય છે કે, મહુવાના બગદાણામાં મોણપર ગામ નજીક ગત ૨૯મી ડિસેમ્બરની મોડી રાતે આઠ શખસોએ નવનીત બાલધિયા પર ધોકા અને પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હતો. પીડિત યુવકે આ મામલે લોકકલાકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. બીજી તરફ, મહુવાના ઈન્ચાર્જ DYSPના જણાવ્યા અનુસાર, દારૂની બાતમી આપ્યાની શંકાના આધારે આ હુમલો થયો હતો.

આ કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ૮આરો પૈકી ૪ શખસો નાજુ કામળિયા, રાજુ ભમ્મર, વિરેન્દ્રસિંહ પરમાર અને સતીશ વનાળીયાની અટકાયત કરી રિમાન્ડ મેળવ્યા હતા, જ્યારે અન્ય ૪આરોપીને જેલ હવાલે કરાયા છે.

## નિરંજન શાહ સ્ટેડિયમમાં ભારતની વિજય આસ અધૂરી

# ખરાબ ફિલ્ડિંગથી ભારત હાર્યું

## કીવીઝ બેટ્સમેનોની ધીરગંભીર રમત ભારતીય ટીમ પર હાવી : ૧૮મીનો અંતિમ વનડે કરો યા મરો સમાન

રાજકોટ, તા. ૧૫

મકરસંક્રાંતિના દિવસે રાજકોટ ખાતે રમાયેલા ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના બીજા વન-ડેમાં ભારતને સાત વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો છે અને આ જીદ સાથે ન્યૂઝીલેન્ડની ટીમે ત્રણ મેચની સીરીઝ એક એક થી બરાબર કરી છે. ભારતની હારનું જો સૌથી મોટું કારણ હોય તો તેની ફિલ્ડીંગ અને બોલિંગ પુરવાર થઈ સમયાંતરે જે વિકેટ મળવી જોઈએ તે ન મળતા ન્યૂઝીલેન્ડના મેચમેનો ધીમે ધીમે ભારતીય ખેલાડીઓ પર આવી થઈ ગયા હતા અને મેચ આસાનીથી જીત્યો હતો.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત મિશ્ર રહી હતી. રોહિત શર્મા અને વિરાટ કોહલી સારી શરૂઆતને મોટી ઈનિંગમાં ફેરવી શક્યા ન હતા. જોકે, કેપ્ટન શુભમન ગિલે ૫૬ રનની મહત્વની ઈનિંગ રમી હતી. મધ્યમ ક્રમમાં શ્રેયસ અય્યર નિષ્ફળ રહ્યો હતો, પરંતુ 'સંકટમોચક' બનીને આવેલા કેએલ રાહુલે બાજી સંભાળી લીધી હતી. રાહુલે એકલા હાથે લડત આપી અણનમ ૧૧૨ રન ફટકાર્યા હતા. આ તેની વનડે કારકિર્દીની ૮મી સદી હતી, જેના જોરે ભારત ૨૮૪ રન સુધી પહોંચી શક્યું હતું.

૨૮૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યુઝીલેન્ડની ટીમે ૫૦ રનની અંદર જ ૨ વિકેટ ગુમાવી દેતા ભારતની પકડ મજબૂત લાગતી હતી. પરંતુ ત્યારબાદ મેચનું પાસું પલટાઈ ગયું. ડેરિલ મિશેલ અને વિલ યંગે બાથ ભીડીને ભારતીય બોલરોને હંફાવ્યા હતા. બંને વચ્ચે ૧૬૨ રનની નિર્ણાયક ભાગીદારી નોંધાઈ હતી. વિલ યંગ ૮૭ રન બનાવીને આઉટ થયો હતો. પરંતુ ડેરિલ મિશેલ અંત સુધી અડીખમ રહ્યો હતો. તેણે ૧૧૭



બોલમાં ૧૧ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૧૩૧ રનની મેચ વિનિંગ ઈનિંગ રમી હતી.

ન્યૂઝીલેન્ડ ની ટીમને બેક ફૂટ પર ધકેલવાની કોશિશ ભારતીય બોલરો કરી ન શક્યા અને લાઇન લેન્થ વગરની બોલિંગ બોલેરો દ્વારા કરવામાં આવી અને પરિણામ સ્વરૂપે ન્યૂઝીલેન્ડના બેટ્સમેનો ખૂબ સરળતાથી તેને રમ્યા હતા અને તેમને વિજય અપાવ્યો હતો. સ્પિનરોને પણ કોઈ વિશેષ લાભ મળ્યો ન હતો ત્યારે ભારતે ૧૮મી એ ઇન્દોરમાં રમાનારી ત્રીજી અને અંતિમ વન-ડેમાં જીત મેળવી આવશ્યક છે તો જ ભારત શ્રેણી જીતશે. ફરી વખત નિરંજન શાહ સ્ટેડિયમ ભારતીય ટીમ માટે વન-ડેમાં નકારાત્મક સાબિત થયું.

રાજકોટના મેદાન પર ભારત પાસે ન્યૂઝીલેન્ડ સામે વનડે શ્રેણી જીતવાની સુવર્ણ તક હતી, પરંતુ કિવી બેટ્સમેનોએ ભારતીય બોલરોની ધોલાઈ કરીને જીત છીનવી લીધી હતી. શુભમન ગિલે સ્વીકાર્યું હતું કે ટીમ ઈન્ડિયાની હારનું સૌથી મોટું કારણ મધ્ય ઓવરોમાં વિકેટ ન મળવી હતું. ભારતીય સ્પિનરો કિવી બેટ્સમેનો પર દબાણ લાવવામાં નિષ્ફળ રહ્યા હતા. ગિલે કહ્યું, જ્યારે તમે વચ્ચેની ઓવરોમાં વિકેટ નથી લઈ શકતા, ત્યારે રન રોકવા અશક્ય બની જાય છે. ભલે અમે બોર્ડ પર ૧૫-૨૦ રન વધારે બનાવ્યા હોત, તો પણ મિડલ ઓવર્સમાં વિકેટ લેવી ફરજિયાત હતી. જણાવ્યું હતું કે જ્યારે કોઈ બેટ્સમેન ૨૦ ઓવર સુધી ટકી જાય અને આ પ્રકારની વિકેટ હોય તો તેને રોકવા અશક્ય છે અને સમયાંતરે જો વિકેટ ન મળે તો અનેક પ્રકારે ટીમે નારાજગીનો સામનો કરવો પડે છે અને ગઈકાલના મેચમાં એ જ સ્થિતિનું નિર્માણ થયું કારણકે ન્યૂઝીલેન્ડની ટીમને સૂઝબુજ સાથે રમત રમી હતી અને સ્પીનરો તથા બોલરોને સમજીને રમ્યા હતા અને પરિણામ સ્વરૂપે કિવિઝનો ખુબ સરળતાથી વિજય થયો હતો.

# સરકારી કચેરી-મોબાઈલ ટાવરના બાકી વેરાની કરો વસુલાત

## નાના મિલકત ધારકો નહીં મોટા માથાઓ પર તંત્ર પગલા લ્યે : કોંગ્રેસનો આક્ષેપ



રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી ઉપર ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને તેમાં પણ ખાસ વેરા વસુલાત શાખા દ્વારા હાલ ટાર્ગેટ પૂરો કરવા માટે જે આકરૂ વલણ અપનાવ્યું છે તેનાથી હેરાન પરેશાન થઈ ચૂક્યા છે લોકો જે અંગેની ફરિયાદ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી એટલું જ નહીં ખાસ કોંગ્રેસ પક્ષ દ્વારા સરકારી વિભાગો તથા મોબાઈલ ટાવર કંપની જેવા બાકીદારોનો વેરો વસૂલવા માંગણી કરી છે. કારણકે પક્ષનું કહેવું છે કે મોટા બાકીદારો ખૂબ વધુ છે છતાં નાના બાકીદારો ઉપર ડંડો ઉગામવામાં આવે છે તે યોગ્ય નથી.

વોર્ડ નં.૩માં મોચી બજાર ચોકથી જયુબેલી શાક માર્કેટ રોડ સુધી વીસેક જેટલા બાકીદારોની દુકાનો ટેકસ શાખાએ સીલ કરતા ધંધાર્થીઓમાં રોષ ફેલાયો છે. પૂર્વ નગરસેવક અને પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ વેપારીઓને હેરાન ન કરવા અને પહેલા સરકારી વિભાગો, મોબાઇલ ટાવર કંપની જેવા બાકીદારોનો વેરો વસુલ કરવા માંગણી કરી છે.

ડે.કમિશ્નરને કરેલી રજુઆતમાં તેઓએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના વેપારીઓને સીલીંગની નોટીસ આપ્યા વગર અને અગાઉની રજુઆતો ધ્યાને લીધા વગર દુકાનો સીલ કરવામાં આવી છે જે અન્યાયી છે. રાજકોટ મહાપાલિકાનો કરોડો રૂપિયાનો વેરો અલગ અલગ મિલ્કતો પાસે બાકી છે. પરંતુ માત્ર દુકાનદારોને હેરાન કરવામાં આવે છે. સરકારી કચેરીઓ અને જુદા જુદા વિભાગોનો જ મોટો ટેકસ લાંબા સમયથી પડતર છે.

મોબાઇલ ટાવર કંપનીઓ સહિતના એકમોના વેરા પણ જમા થતા નથી. વાસ્તવમાં મહાપાલિકાએ કડક ઉઘરાણી અને સીલીંગ સહિતની કાર્યવાહી આવી જગ્યાએ કરવી જોઇએ. કોંગી નેતાએ રાજકોટમાં ટેકસ માટે વેપારીઓને બિનજરૂરી હેરાન ન કરવા અને તેમની વાત સાંભળીને યોગ્ય કાર્યવાહી કરવા મનપાને રજુઆત કરી છે. મોબાઈલ ટાવર કંપનીઓ હોય કે પછી સરકારી કચેરીઓ તમામ પાસે કરોડો રૂપિયાનો વેરો વસૂલવાનો બાકી છે છતાં તેઓ પર કોઈ આકરા પગલાં લેવામાં આવતા નથી કલેકટર કચેરી હોય પોલીસ કમિશનર કચેરી હોય કે અન્ય કોઈ કરોડો રૂપિયાનો વેરો બાકી છે અને આ આંકડો ૧૦૦ કરોડને પાર પહોંચ્યો છે ત્યારે આ વસુલાત સર્વ પ્રથમ કરવામાં આવે અને ત્યારબાદ નાના મિલકત ધારકો ઉપર તમારી બોલાય તો કામગીરી યોગ્ય કરી કહી શકાય. કોંગ્રેસે આક્ષેપક કરતા કહ્યું હતું કે જો આવનારા સમયમાં પ્રકારની ગતિવિધિઓ ચાલતી રહેશે તો આંદોલન પણ કરાશે.

## રાજ્ય સરકાર-શિક્ષણ કમિશ્નરનો આકરો નિર્ણય : રાજકોટ સહિત તમામ ડીઇઓ કચેરીએ સરકાર પોર્ટલ હેઠળ જોડાવા આદેશ

# DEO કચેરી હવે પેપરલેસ

રાજકોટ, તા. ૧૫

સમગ્ર ગુજરાતના સરકારી કામો તબક્કાવાર પેપર લેશ કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજ્યની જિલ્લા શિક્ષણ અધિકારીની તમામ કામગીરી હવે પેપર લેસ કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે અને એક મક્કમ પગલું પણ ભરવામાં આવ્યું છે. રાજકોટ સહિત રાજ્યની તમામ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી હવે સંપૂર્ણપણે ડિજિટલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ તમામ કચેરીઓને એ સરકાર પોર્ટલ હેઠળ આવરી લેવાનો આદેશ કરાયો છે. હવે ગાંધીનગર કમિશનર કચેરી ખાતે કોઈપણ પત્ર વ્યવહાર પેપરથી નહીં થાય અને જો કોઈ પણ અધિકારી પાઈને લઈને કમિશનર સમક્ષ પહોચશે તો તેમના વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે તેવો આકરો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ નિર્ણય જ લેવામાં આવ્યો તે અત્યંત મહત્વપૂર્ણ છે પરંતુ તેની યોગ્ય અમલવારી થાય તે પણ એટલી જ આવશ્યક છે જો તે આવનારા સમયમાં નહીં થાય તો આ જ નિર્ણય તંત્ર માટે દુખાવો સાબિત થશે.

શાળા કમિશનર કચેરી દ્વારા જારી કરવામાં આવેલા નવા આદેશ મુજબ, તમામ વહીવટી અને શૈક્ષણિક કામગીરી હવે ડિજિટલ ફોર્મેટમાં જ કરવાની રહેશે. ડીઈઓ કચેરીથી રાજ્ય કક્ષાએ મોકલવામાં આવતી ફાઈલો જો ભૌતિક સ્વરૂપે હશે, તો તેનો અસ્વીકાર કરવામાં આવશે. જો કોઈ અધિકારી આ આદેશનું ઉલ્લંઘન કરી મેન્યુઅલ







ફાઈલ મોકલશે, તો તેમની સામે શિસ્તભંગના પગલાં લેવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

સરકારનો મુખ્ય હેતુ સરકારી કચેરીઓને આધુનિક બનાવવાનો છે. જેમાં મેન્યુઅલ ફાઈલોની હેરફેરમાં થતો સમય બચશે અને કામગીરી ઝડપી થશે. કોઈ ફાઈલ કયા ટેબલ પર અને કેટલા સમયથી પેન્ડિંગ છે તેનું ઓનલાઈન ટ્રેકિંગ સરળ બનશે. ભ્રષ્ટાચાર અને ફાઈલો ગુમ થવાની શક્યતાઓ નહિવત થઈ જશે. આ ઉપરાંત વર્ષો જૂના દસ્તાવેજોને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત રાખી શકાશે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ અત્યારે જુના રેકોર્ડ સાચવવા માથાનો દુખાવો સાબિત થઈ રહ્યું છે તો ઘણા ખરા કિસ્સાઓમાં દસ્તાવેજો મળતા પણ નથી ત્યારે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ શિક્ષણ કમિશનર તથા રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ ડી.ઈ.ઓ કચેરીને પેપર લેશ કરવાનો નિર્ણય લીધો છે પરંતુ આ નિર્ણય કેટલો અસર કરતા સાબિત થશે તે આવનારો સમય જ જણાવશે.

ઉલ્લેખનીય છે કે, પ્રાથમિક શિક્ષણ વિભાગમાં વર્ષ ૨૦૨૪થી ઇ સરકારમાં કામગીરી ચાલે છે અને નવો જે આદેશ છે એ સેકન્ડરી અને હાયર સેકનડરી શિક્ષણ માટે છે., પરંતુ કેટલીક કચેરીઓ હજુ પણ જૂની પદ્ધતિથી જ કામ કરતી હતી. તેથી ગઈકાલથી આ સિસ્ટમનો કડક અમલ કરવા અને વહીવટી પ્રક્રિયાને વધુ સુગમ બનાવવા માટે આ અંતિમ આદેશ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યની હજારો શાળાઓ અને શિક્ષકોને લગતા વહીવટી પ્રશ્નોનો ઉકેલ હવે આંગળીના ટેરવે અને ખૂબ જ ઓછા સમયમાં આવશે તેવી આશા રાખવામાં આવી રહી છે. હાલ રાજ્ય સરકાર દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીઓનું ધારણ ઘટે તે માટે વધુ એક કચેરી ઊભી કરવાનો નિર્ણય લીધો છે અને શહેર અને જિલ્લા એમ વિભાજન કરવામાં આવ્યા છે પરંતુ આ તમામ કામગીરી ઝડપી થાય તે ખૂબ જરૂરી છે કારણ કે બોર્ડ પરીક્ષા અને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે શું નિર્ણય જે લેવામાં આવ્યો છે તે અસર કરતા સાબિત થશે કે કેમ ?

# સૌ. યુનિના પૂર્વ કુલપતિ ભીમાણીનું મોઢુ 'કાળું'

## કોલેજ પ્રવાસ દરમિયાન ગિરીશ ભીમાણી દ્વારા છેડતીની ફરિયાદ થતા વિદ્યાર્થીઓમાં રોષ: NSUI એ મોંઢે ચોપડી કાળી સાહી, પૂતળું પણ સળગાવ્યું

રાજકોટ, તા. ૧૫

શાળા અને કોલેજ વિદ્યાર્થીઓ માટે શિક્ષણનું ધામ છે જ્યાં સારા સંસ્કારનું સિંચન કરી દેશના ઉત્તમ નાગરિક બનાવવામાં આવે છે પરંતુ શાળા કોલેજના જ અધ્યાપકો જ્યારે ભક્ષક બને ત્યારે વિદ્યાર્થીઓ નું જીવન ઝેર સમાન બની જતું હોય છે આવી જ ઘટના અમરેલી વિદ્યાસભા કોલેજના શૈક્ષણિક પ્રવાસ દરમિયાન ઘટીત થઈ. જેમાં વિદ્યાર્થીનીઓએ કોલેજના નિયામક અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણી વિરુદ્ધ છેડતીના આરોપ લગાવ્યા છે. મળતી માહિતી મુજબ ભીમાણી નશો કરેલી હાલતમાં જોવા મળ્યા હતા અને વિદ્યાર્થીની સાથે છેડતી કરી હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે આ ઘટના શિક્ષણ વિનો માટે પણ લાલચંદ રૂપ માનવામાં આવી રહી છે જેના ભાગરૂપે હાલ તેઓને નિયામક પદેથી દૂર કરવામાં આવ્યા હતા. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ વિદ્યાર્થી સંગઠન એને સિવાયના નરેન્દ્રસિંહ ની આગેવાની હેઠળ કાર્યકરોએ ગિરીશ ભીમાણીના પૂતળાનું દહન





કરી આક્રમક વિરોધ નોંધાવ્યો હતો સાથોસાથ ગિરીશ ભીમાણી નું સાહિત્ય મોઢું કાળું કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરિશ ભીમાણીએ અમરેલી વિદ્યાસભા સંચાલિત બી.સી.એ. કોલેજના આબુ ખાતેના પ્રવાસ દરમિયાન નિયામક તરીકે ખાનગી કારમાં આવી છાત્રોઓ સાથે છેડતી કરી અશોભનીય વર્તન સામે વિદ્યાસભાના પ્રમુખ સુધી રજૂઆત થતાં વિદ્યાસભા સંસ્થા દ્વારા તેમની તાત્કાલીક નિયામક પદેથી હકાલપટ્ટી કર્યા હતા. અમરેલીમાં છાત્રોના વિરોધ બાદ ગઈકાલે રાજકોટમાં એનએસયુઆઇનાં નરેન્દ્રસિંહની આગેવાનીમાં પ્રદિપભાઇ ડોડીયા, રવિભાઇ જીત્યા, દીપ ભંડેરી, બ્રિજરાજસિંહ રાણા, ગૌરવ ખીમસુરીયા, પ્રશાંત મકવાણા, રિયાઝ સુમરા, મહિપાલ ચૌહાણ, અરમાન પીરઝાદા, યુગ ભંડેરી વિગેરેએ આ સમગ્ર ઘટનાનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણી માતૃ મંદિર કોલેજમાં હોવાની જાણ થતાં નરેન્દ્રસિંહની આગેવાનીમાં એનએસયુઆઇનાં કાર્યકરો માતૃ મંદિર કોલેજ પહોંચી પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણીનું કાળી શાહીથી મોઢુ કાળુ કર્યા બાદ તેમની ચેમ્બરને ગંગાજળ છાંટી શુધ્ધિકરણ કર્યા બાદ જાહેર રસ્તા ઉપર પૂર્વ કુલપતિ ગીરીશ ભીમાણીના પુતળાનું દહન કર્યું હતું. નારી શક્તિનું અપમાન કરનાર પૂર્વ કુલપતિ ગિરિશ ભીમાણી પવિત્ર શિક્ષણધામને સત્તાના મદમાં અપવિત્ર કરતા એનએસયુઆઇ દ્વારા આજે રાજકોટમાં ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો કે ગિરીશ ભીમાણી રાજકીય વગ ધરાવી રહ્યા છે માટે તેમના વિરોધ કોઈ કાર્યવાહી કે પગલાં લેવામાં આવતા નથી કેમ ફરિયાદ દાખલ કરવામાં ન આવી તેવા એક નહીં અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. અગાઉ પણ યુનિવર્સિટીના ઇન્ચાર્જ સ્કૂલ પતિ તરીકે ફરજ બજાવી ગયેલ ગિરીશ ભીમાણીના અનેકવિધ નિર્ણયો ચર્ચાનો વિષય બન્યા હતા ત્યારે અધ્યાપક અને સંચાલક તરીકે હાલજે દુષ્કૃત્ય કરવામાં આવ્યું તેનાથી વિદ્યાર્થી આલમમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે હવે આ બાબતે કોઈ કાયદાકીય પગલા લેવામાં આવશે કે કેમ તે અંગે અનેકવિધ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

પ્રાર્થના સભા



સ્વ. ભરતભાઈ જમનાદાસ શાહ

પ્રભાસ પાટણ નિવાસી હાલ રાજકોટ જૈન વીશા ઓસ્વાલ શ્રી ભરતભાઈ જમનાદાસ શાહ ઉ.વ ૮૦ જે સ્વ.ભારતીબેન શાહના પતિ, જિજ્ઞેશભાઈ તથા અમિતભાઈ શાહના પિતા, ભાવિકાબેન તથા દર્પોનબેન શાહના સસરા, હેલી તથા કેયા ના દાદાનું તા. ૧૫/૦૧/૨૦૨૬, ગુરુવાર રોજ દુખડ અવસાન થયેલ છે.

સદગતનું પ્રાર્થના સભા તા. 17/01/2026 શનિવાર સાંજે ૪ વાગે રાખેલ છે.
લી,
અમિતભાઈ શાહ તથા જીગ્નેશભાઈ શાહ

પ્રાર્થના સભા સ્થળ
શ્રી દ્વારકાધીશ હાઇટ્સ, નિયર શીતલ પાર્ક બસ સ્ટોપ, ઓફ 150 રિંગ રોડ
રાજકોટ

અમિતભાઈ શાહ : 85110 46861 | જીગ્નેશભાઈ શાહ : 87993 14600

રાજકોટ મિરર તંત્રીની કલમે

# સ્ટાર્ટઅપ તક ઝડપો

## સમજીને શરુ કરો તો બખ્ખા, નહિ તો ડખ્ખા



સૌરાષ્ટ્રની ધરતી એટલે સાહસિકોની ભૂમિ. જ વેપાર લોહીમાં વહે છે. આજે જ્યારે ૧૬મી જાન્યુઆરીએ આપણે 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' ઉજવી રહ્યા છીએ. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના યુવા ઉદ્યોગસાહસિકો માટે આકાશ જેવડી તકો ઊભી થઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્ટાર્ટઅપ માટેની યોજનાઓ અત્યારે ખરેખર 'ટનાટન' છે, જેમાં આર્થિક સહાયથી માંડીને માર્ગદર્શન સુધીની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ ઉજળી બાજુની સાથે એક કડવી વાસ્તવિકતા એ પણ છે કે નવા શરૂ થતા સ્ટાર્ટઅપ્સમાં નિષ્ફળતાનું પ્રમાણ ખૂબ મોટું છે. આ સ્થિતિમાં જો સમજી-વિચારીને ડગલું માંડવામાં આવે તો જંગી 'બખ્ખા' છે, પરંતુ વગર વિચારે કરેલું સાહસ મોટા 'ડખ્ખા' ઊભા કરી શકે છે.

નાના સ્ટાર્ટઅપ્સ નિષ્ફળ જવાનું સૌથી મોટું કારણ બજારની જરૂરિયાતને સમજ્યા વગર માત્ર ઉત્સાહમાં આવીને પ્રોડક્ટ લોન્ચ કરવાનું છે. રાજકોટ જેવા ઈન્ડસ્ટ્રિયલ હબમાં એન્જિનિયરિંગ, એગ્રી-ટેક અને ફૂડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોમાં અઢળક અવકાશ છે, પરંતુ સફળતા માટે લાંબા અને ટૂંકા ગાળાની સ્પષ્ટ રણનીતિ હોવી અનિવાર્ય છે. ટૂંકા ગાળાની રણનીતિમાં ઉદ્યોગસાહસિકોએ શરૂઆતમાં જ મોટું રોકાણ કે દેખાડો કરવાને બદલે 'લીન મોડલ' અપનાવવું જોઈએ. તમારી પ્રોડક્ટ ખરેખર ગ્રાહકની કોઈ સમસ્યા ઉકેલે છે કે નહીં, તે પહેલા નાના પાયે ચકાસવું જરૂરી છે. જ્યારે લાંબા ગાળાની રણનીતિમાં માત્ર રોકાણકારોના ફંડિંગ પર નિર્ભર રહેવાને બદલે પ્રોફિટેબલ બિઝનેસ મોડલ બનાવવું જોઈએ, જે ગમે તેવા આર્થિક ઉતાર-ચઢાવમાં પણ ટકી શકે.

સૌરાષ્ટ્રના સાહસિકો પાસે અનુભવ અને નેટવર્કની કોઈ કમી નથી, બસ તેને આધુનિક ટેકનોલોજી અને પ્રોફેશનલ મેનેજમેન્ટ સાથે જોડવાની જરૂર છે. ઘણીવાર યુવાનો સ્કેલિંગ કરવામાં ઉતાવળ કરે છે, જે નિષ્ફળતા નોતરે છે. આથી જ, આ સ્ટાર્ટઅપ ડે પર સંકલ્પ કરવો જોઈએ કે આપણે માત્ર આઈડિયા પાછળ નહીં, પણ એક મજબૂત વ્યવસાયિક પાયા પાછળ મહેનત કરીશું. જો ગણતરીપૂર્વકનું જોખમ લેવામાં આવશે અને સમજદારી પૂર્વક શરૂઆત કરશો, તો રાજકોટનું કોઈ સ્ટાર્ટઅપ આવનારા સમયમાં ગ્લોબલ લેવલે ડંકો વગાડશે તેમાં કોઈ શંકા નથી. તક મોટી છે અને મેદાન ખુલ્લું છે, બસ તેને યોગ્ય સ્ટ્રેટેજીથી ઝડપી લેવાની જરૂર છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# લોકશાહી મુદ્દે ભારતે વિશ્વને સાબિત કર્યું ખોટું

## વિવિધતા લોકશાહીની સૌથી મોટી તાકાત : પ્રધાનમંત્રી મોદીએ કોમનવેલ્થના સ્પીકર્સ કોન્ફરન્સમાં કર્યું સંબોધન

નવીદિલ્હી, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે ૨૮મી CSPOC (કોમનવેલ્થના સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સનું કોન્ફરન્સ) સંબોધન કર્યું. ભારતમાં આ ચોથી વખત આયોજિત થયું છે. આ વર્ષની થીમ ''સંસદીય લોકશાહીની અસરકારક ડિલિવરી'' છે. પીએમ મોદીએ કહ્યું, ''આજના વૈશ્વિક સંદર્ભમાં આ ખૂબ જ સુસંગત છે. જ્યારે ભારતને આઝાદી મળી, ત્યારે આટલા વૈવિધ્યસભર દેશમાં લોકશાહીની ટકાઉપણા અંગે ગંભીર આંતરરાષ્ટ્રીય શંકાઓ હતી. ભારતે આ ભયને ખોટો સાબિત કર્યો અને તેની વિવિધતાને તેની લોકશાહીની સૌથી મોટી તાકાતમાં પરિવર્તિત કરી. બીજો ભય એ હતો કે જો લોકશાહી કોઈક રીતે બચી જાય, તો પણ ભારત વિકાસની દ્રષ્ટિએ ઘણું પ્રાપ્ત કરી શકશે નહીં.''

પીએમ મોદીએ કહ્યું, ''હું બધાનું સ્વાગત કરું છું. તમે બધા જ્યાં બેઠા છો તે સ્થાન ભારતની લોકશાહી યાત્રામાં ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન છે. ગુલામીના છેલ્લા વર્ષોમાં, જ્યારે ભારતની સ્વતંત્રતાનો નિર્ણય લેવામાં આવ્યો, ત્યારે બંધારણ સભા ભારતના બંધારણનો મુસદ્દો તૈયાર કરવા માટે આ સેન્ટ્રલ હોલમાં મળી હતી. ૭૫ વર્ષ સુધી, આ ઈમારત ભારતની સંસદ તરીકે સેવા આપી. અહીં ઘણી ચર્ચાઓ થઈ, ઘણા નિર્ણયો લેવામાં આવ્યા.'' હવે



તેનું નામ બદલીને બંધારણ ગૃહ રાખવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે બંધારણ ગૃહમાં બધા મહેમાનોની હાજરી ભારતના લોકશાહી માટે ખૂબ જ સારી છે. જ્યારે ભારતને આઝાદી મળી, ત્યારે એવી આશંકા હતી કે આટલી વિવિધતાવાળા ભારતમાં લોકશાહી ટકી શકશે નહીં. આ વિવિધતાએ લોકશાહીને મજબૂત બનાવી છે. ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે. UPI એ વિશ્વનું સૌથી મોટું ડિજિટલ ચુકવણી પ્રણાલી છે. ભારત વિશ્વનું સૌથી મોટું રસી ઉત્પાદક છે. ભારતમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. ભારત વિશ્વનું સૌથી મોટું દૂધ ઉત્પાદક દેશ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતમાં લોકશાહીનો અર્થ છે છેલ્લા માઈલ ડિલિવરી. અમે કોઈપણ ભેદભાવ વિના, જન કલ્યાણની ભાવના સાથે કામ કરી રહ્યા છીએ. છેલ્લા કેટલાક વર્ષોમાં, ૨૫૦ મિલિયન લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. ભારતમાં, લોકશાહી બચાવે છે. લોકશાહી ભાવના આપણા હૃદયમાં છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે થોડા વર્ષો પહેલા, સમગ્ર વિશ્વ COVID-૧૯ રોગચાળા સામે ઝઝૂમી રહ્યું હતું. ભારતે પણ ઘણી સમસ્યાઓનો સામનો કર્યો હતો, પરંતુ ભારતે ૧૫૦ થી વધુ દેશોમાં રસીઓ પહોંચાડી. આ આપણી સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ આપણા લોકશાહી દ્વારા આપણને આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે છેલ્લી લોકસભા ચૂંટણીઓ વિશ્વની સૌથી મોટી ચૂંટણી પ્રક્રિયા હતી. મહિલાઓની ભાગીદારી પણ ઐતિહાસિક હતી. રાષ્ટ્રપતિ એક મહિલા છે અને દિલ્હીના મુખ્યમંત્રી પણ. ભારતને લોકશાહીની માતા કહેવામાં આવે છે. પીએમ મોદીએ કહ્યું કે આપણા વેદ હજારો વર્ષ જૂના છે. આપણે ભગવાન બુદ્ધની ભૂમિ છીએ. કોમનવેલ્થની કુલ વસ્તીના ૫૦ ટકા લોકો ભારતમાં રહે છે. અમે બધા દેશોના યોગદાનમાં શક્ય તેટલું યોગદાન આપવાનો પ્રયાસ કરીએ છીએ. પીએમ મોદીએ કહ્યું કે આજે, જ્યારે વિશ્વ પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ગ્લોબલ સાઉથ માટે નવા રસ્તાઓ બનાવવાનો પણ સમય છે. G20 ના તેમના પ્રમુખપદ દરમિયાન, તેમણે ગ્લોબલ સાઉથની સમસ્યાઓ પણ વિશ્વના ધ્યાન પર લાવી.

# ઈરાનના ખામેની દુબઈ ભાગવાની ફિરાકમાં

## ખામેનીના પુત્રએ ૧૩૫૩ કરોડ દુબઈ ટ્રાન્સફર કર્યા : અનેક અટકળો





નવીદિલ્હી, તા. ૧૫

ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેની, તેમના આખા પરિવાર સાથે દુબઈ ભાગી જવાની યોજના બનાવી રહ્યા છે. આ દાવો ઇઝરાયલી મીડિયા ચેનલ ચેનલ ૧૪ દ્વારા કરવામાં આવ્યો છે. ચેનલ ૧૪ કહે છે કે ઈરાનમાં ચાલી રહેલી અશાંતિ વચ્ચે, ખામેનીના પુત્રએ ૧.૫ બિલિયન (₹૧૩૫૩ કરોડ) દુબઈ ટ્રાન્સફર કર્યા છે. આ ટ્રાન્સફરનું કારણ હજુ સ્પષ્ટ નથી. ઈરાની સરકારે આ બાબતે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી. આયાતુલ્લાહ અલી ખામેનીના પરિવારમાં તેમની પત્ની, મન્સૂરેહ ખોજાસ્તેહ સહિત ૧૦ થી વધુ સભ્યોનો સમાવેશ થાય છે. ખામેની પોતે ચાર પુત્રો અને બે પુત્રીઓના પિતા છે. ખામેની ઉપરાંત, તેમના પુત્ર, મોજતબા ખામેની પણ ઈરાનમાં ખૂબ શક્તિશાળી છે. મોજતબાને પણ ખામેનીના ઉત્તરાધિકારી માટે એક મજબૂત દાવેદાર માનવામાં આવે છે.

વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, ઈરાન અને ઇઝરાયલે રશિયાની મદદથી એક કરાર કર્યો છે, જેમાં શરત રાખવામાં આવી છે કે કોઈ પણ દેશ બીજા પર પહેલો હુમલો કરશે નહીં. આનો અર્થ એ છે કે ઈરાન કે ઇઝરાયલ એકબીજા પર પહેલા હુમલો કરશે નહીં. આવી સ્થિતિમાં, યુએઈ ઈરાન માટે સલામત દેશ છે. ઈરાન અને યુએઈ વચ્ચે વેપાર સંબંધો પણ છે. બંને દેશોએ તાજેતરમાં યમન અંગે વાતચીત કરી હતી. યુએઈએ જૂન ૨૦૨૫ માં ઇઝરાયલ-ઈરાન યુદ્ધના ઉકેલમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. દુબઈ પહેલા, ખામેની પરિવારના રશિયા ભાગી જવાની ચર્ચા હતી. બ્રિટનના ધ ટાઈમ્સે અહેવાલ આપ્યો હતો કે કટોકટીની સ્થિતિમાં ખામેની પોતાના આખા પરિવાર સાથે રશિયા ભાગી શકે છે. રશિયા ઈરાનનો સૌથી નજીકનો મિત્ર છે. ૮૬ વર્ષીય ખામેની હાલમાં પોતાના પરિવાર સાથે તેહરાનમાં રહે છે. ૧૯૮૯ માં ખોમેનીના મૃત્યુ પછી અલી ખામેનીને ઈરાનના સુપ્રીમ લીડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઇઝરાયલી મીડિયા ચેનલ ૧૪ કહે છે કે તણાવ વચ્ચે ખામેનીના પુત્રએ ઈરાનથી દુબઈ ₹૧૩૫૩ કરોડ ટ્રાન્સફર કર્યા હતા. આ પછી, ચર્ચા તેજ થઈ ગઈ છે કે શું યુદ્ધની સ્થિતિમાં ખામેનીનો આખો પરિવાર દુબઈ ભાગી જવાની યોજના બનાવી રહ્યો છે?

## સુપ્રીમ કોર્ટે એજન્સીઓને કરી તાકીદ, સાથે કહ્યું ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી થઈ શકશે

# કેન્દ્રીય એજન્સીઓને કોઈપણ પક્ષના ચૂંટણી પ્રચારમાં દખલ કરવાનો નથી અધિકાર

રાજકોટ, તા. ૧૫

કોલકાતામાં IPAC સામે EDના દરોડાને કારણે ઉભા થયેલા વિવાદ પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી. EDની અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં બંને પક્ષોનો સ્પષ્ટ ચુકાદો આપ્યો. કોર્ટે જણાવ્યું હતું કે કેન્દ્રીય એજન્સીઓને કોઈપણ પક્ષના ચૂંટણી પ્રચારમાં દખલ કરવાનો અધિકાર નથી, પરંતુ તેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરી શકે છે. કોર્ટે કેન્દ્રીય એજન્સીઓની તપાસમાં રાજ્ય સરકારો અથવા પોલીસના દખલ પર પણ કડક વલણ અપનાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજ્ય એજન્સી અથવા પોલીસને આવી પ્રવૃત્તિઓમાં સામેલ થવા માટે મુક્તિ આપી શકાતી નથી. કોર્ટે મમતા બેનર્જી સરકાર અને બંગાળ પોલીસને નોટિસ ફટકારી હતી. બંગાળ પોલીસે ED અધિકારીઓ સામે દાખલ કરેલી FIR પર પણ આગામી સુનાવણી સુધી સ્ટે મૂકવામાં આવ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૩ ફેબ્રુઆરીએ નક્કી કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોઈપણ કેન્દ્રીય એજન્સીને કોઈપણ પક્ષના ચૂંટણી પ્રચારમાં દખલ કરવાનો અધિકાર નથી, પરંતુ તે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે યોગ્ય રીતે કાર્યવાહી કરી શકે છે. સુપ્રીમ કોર્ટે ED અધિકારીઓ સામે દાખલ કરાયેલી FIR અને તેમની સામેની કોઈપણ કાર્યવાહી પર આગામી સુનાવણી સુધી સ્ટે આપ્યો છે.

આ કેસની આગામી સુનાવણી ૩ ફેબ્રુઆરીએ થશે. સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકાર અને પોલીસને તમામ સીસીટીવી ફૂટેજ, અન્ય ઉપકરણો અને દસ્તાવેજો સાચવવાનો આદેશ આપ્યો છે. સુનાવણી દરમિયાન, ED નું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ (SG)



તુષાર મહેતા અને બંગાળ સરકાર નું પ્રતિનિધિત્વ કરતા સિનિયર એડવોકેટ કપિલ સિબ્બલ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. SG એ મમતા બેનર્જી પર ફાઈલો ચોરી કરવાનો આરોપ લગાવ્યો, જ્યારે સિબ્બલે પ્રશ્ન કર્યો કે ED ચૂંટણી પહેલા I-PAC ની મુલાકાત કેમ લીધી.

જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને વિપુલ પંચોલીની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે I-PAC કાર્યાલય અને તેના વડાના નિવાસસ્થાને તપાસ અને સર્ચ ઓપરેશનમાં પશ્ચિમ બંગાળ સરકારની ''દખલગીરી અને અવરોધ'' ખૂબ જ આઘાતજનક પેટર્ન દર્શાવે છે.

ED નું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ (SG) તુષાર મહેતાએ કહ્યું કે આ ખૂબ જ આઘાતજનક ઘટના છે. મુખ્યમંત્રી પોતે દરોડાના સ્થળે ગયા અને તપાસમાં વિક્ષેપ પાડ્યો. રાજ્ય પોલીસે રાજકીય વ્યક્તિઓને અનુકૂળ રીતે કામ કર્યું. ખાસ વકીલે જણાવ્યું હતું કે ED PMLA ની કલમ ૧૭ હેઠળ કાર્યવાહી કરી રહી છે અને આ ઈરાદાપૂર્વક પ્રભાવિત કરવામાં આવ્યું હતું. એસજી મહેતાએ જણાવ્યું હતું કે આ એક ચોંકાવનારી પેટર્ન દર્શાવે છે: જ્યારે કોઈ વૈધાનિક સત્તા તેની ફરજો બજાવી રહી હોય છે, ત્યારે મુખ્યમંત્રી બેનર્જી દખલ કરે છે. પોલીસ કમિશનર તેમની સાથે આવે છે અને પછી ધરણા કરે છે.

# H-1B વિઝા પગલે ભારતીયો હેરાન-પરેશાન

## વિઝા સ્ટેમ્પિંગમાં વિલંબને કારણે, H-1B વિઝા ધારકોને નોકરી ગુમાવવી, પગારમાં ઘટાડાની સંભાવના

નવીદિલ્હી, તા. ૧૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હાલમાં ભારત પર ૫૦% ટેરિફ લાદ્યો છે, જેના કારણે પહેલાથી જ વેપાર સમસ્યાઓ ઉભી થઈ રહી છે. જોકે, H-1B વિઝા પર ટ્રમ્પના નિર્ણયથી વધુ સમસ્યાઓ ઊભી થઈ છે, જેના સંકેતો હવે દેખાઈ રહ્યા છે. વિઝા સ્ટેમ્પિંગમાં વિલંબને કારણે, ભારતમાં ફસાયેલા H-1B વિઝા ધારકોને નોકરી ગુમાવવી, પગારમાં ઘટાડો અને ભારતીય કરવેરાની સંભાવનાનો સામનો કરવો પડી શકે છે. H-1B વિઝા હેઠળ અમેરિકામાં કામ કરતા ઘણા ભારતીયો જે વિઝા રિન્યુઅલ માટે ભારત આવ્યા હતા તેઓ હવે અહીં ફસાયેલા છે. આનું કારણ એ છે કે ટ્રમ્પ વહીવટીતંત્રે વિઝા અરજદારોની સોશિયલ મીડિયા પ્રવૃત્તિની કડક તપાસ શરૂ કરી છે, જેના કારણે સ્ટેમ્પિંગ પ્રક્રિયા ધીમી પડી રહી છે. ઈમિગ્રેશન નિષ્ણાતોના મતે, ઈન્ટરવ્યુ




માર્ચ, એપ્રિલ અથવા તેનાથી આગળ મુલતવી રાખવાને કારણે ઘણી નોકરીઓ જોખમમાં છે.

સ્ટાર્ટઅપ્સ અથવા નાની કંપનીઓમાં કામ કરતા વ્યાવસાયિકો માટે આ જોખમ ખાસ કરીને ઊંચું છે. વધુમાં, કરની ચિંતાઓ પણ વધી છે, કારણ કે લાંબા સમય સુધી ભારતમાં રહેતા લોકોને ભારતીય આવકવેરો ચૂકવવાની જરૂર પડી શકે છે, પછી ભલે તેઓ બિન-નિવાસી હોય કે કર નિવાસી. ભારતમાં અટવાયેલા કર્મચારીઓ ધરાવતી ઘણી યુએસ કંપનીઓ કર અને કાનૂની નિયમોને સમજવા માટે ઈમિગ્રેશન નિષ્ણાતો અને વકીલોની સલાહ લઈ રહી છે. કેટલીક કંપનીઓ તેમના કર્મચારીઓ માટે ઝડપી વિઝા એપોઈન્ટમેન્ટ મેળવવા માટે સીધા જ યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટનો સંપર્ક પણ કરી રહી છે.

KPMG ખાતે ટેક્સ ગ્લોબલ મોબિલિટી સર્વિસીસના પાર્ટનર અને નેશનલ હેડ, પરિઝાદ સિરવાલાએ જણાવ્યું હતું કે જો યુએસ કર્મચારીઓને ભારતમાં લાંબા સમય સુધી કામ કરવાની ફરજ પાડવામાં આવે છે, તો તેનાથી ફક્ત કર્મચારીઓ માટે જ નહીં પરંતુ યુએસ કંપનીઓ માટે પણ કરવેરાની અસર પડી શકે છે, જેની કાળજીપૂર્વક તપાસ કરવી જરૂરી છે. કાયદાકીય પેઢી સર્વાન્ક એસોસિએટ્સના સ્થાપક અંકિતા સિંહે સમજાવ્યું કે જો H-1B વિઝા ધારક નાણાકીય વર્ષમાં ૧૮૨ દિવસ કે તેથી વધુ સમય માટે ભારતમાં રહે છે, તો તેમને કર હેતુઓ માટે ભારતના રહેવાસી ગણવામાં આવશે. કેટલીક યુએસ કંપનીઓ આવા કર્મચારીઓને મર્યાદિત સમયગાળા માટે ભારતમાંથી દૂરથી કામ કરવાની મંજૂરી આપી રહી છે અથવા તેમને તેમના ભારતીય આનુષંગિકોમાં અસ્થાયી રૂપે તૈનાત કરી રહી છે.

નિષ્ણાતો કહે છે કે કંપનીઓએ એ પણ ધ્યાનમાં લેવું જોઈએ કે શું ભારતમાં કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા કાર્યથી ભારતમાં વિદેશી નોકરીદાતા માટે કોઈ કોર્પોરેટ ટેક્સ જવાબદારી થશે. સિંહના મતે, યુએસ કંપનીઓ ભારતમાંથી દૂરથી કામ કરવાની મંજૂરી આપતી વખતે ઈમિગ્રેશન નિયમો કરતાં કર અને કાનૂની જોખમો વિશે વધુ ચિંતિત હોય છે. તારક્ષ લોયર્સ એન્ડ કન્સલ્ટન્ટ્સના પાર્ટનર તન્મય બંઠિયાએ જણાવ્યું હતું કે વિઝા સ્ટેમ્પિંગમાં વિલંબ દરમિયાન ભારતમાંથી રિમોટ વર્કનો મુદ્દો કોઈ સ્પષ્ટ કાયદાને બદલે કામચલાઉ અને સાવચેતીના પગલાં દ્વારા ઉકેલવામાં આવી રહ્યો છે.

### રંગીલા મોજીલા રાજકોટવાસીઓએ મન ભરીને માણ્યું પતંગના પર્વનેઃ કેટલાક માટે બન્યું દુઃખદાયક

# સીડીએથી પડતાં યુવાનનું મોતઃ દોરાથી ૪૦ થયા લોહીલુહાણ

## સાલ પીપળીયાનો યુવાન પતંગ ઉડાડી લીધા પછી નીચે ઉતરતો હતો ત્યારે પટકાયોઃ રાજકોટમાં મોત થયુંઃ પીડીયુ સિવિલ હોસ્પિટલમાં સવારથી રાત સુધી દોરાથી ઘવાયેલાઓને તુરંત સારવાર અપાઇઃ મીની ઓપરેશન થીએટર સતત ધમધમ્યું

રાજકોટ , તા. ૧૫

રંગીલા રાજકોટ શહેરમાં પતંગનું પર્વ દર વર્ષની જેમ આ વર્ષે પણ અનેક લોકો માટે દુઃખદાયક બન્યું હતું. પતંગ ઉડાડીને ધાબા પરથી નીચે ઉતરતી વખતે પડધરીના સાલ પીપળીયા ગામે પડી જવાથી યુવાનને ગંભીર ઇજા થઇ હતી. જેનું રાજકોટમાં સારવારમાં મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બીજીત તરફ પતંગના દોરાઓને કારણે ઇજાના ચાલીસથી વધુ બનાવ બનતાં તમામને સિવ્લિ હોસ્પિટલ ખાતે સારવાર અપાઇ હતી.









વિગતો પર નજર કરીએ તો રાજકોટમાં પતંગના પર્વ મકરસંક્રાંતિમાં પતંગના દોરાને કારણે ઇજાના અને પતંગ ઉડાડતી વખતે પડી જવાથી કે પતંગના દોરા રસ્તા પર વાહન લઇને નીકળતી વખતે ફસાઇ જવાથી ઇજાના ચાલીસથી વધુ બનાવો બન્યા હતાં. આ તમામને સિવિલ હોસ્પિટલમાં ઇમર્જન્સી વોર્ડ અને બાજુમાં જ ખાસ ઉભા કરાયેલા મીની ઓપરેશન થીએટરમાં અપાઇ હતી. વાહન અકસ્માતના અન્ય પચ્ચીસ બનાવો પણ સવારથી સાંજ સુધી નોંધાયા હતાં. જેમાં ઘાયલોને સર્જનો, ઓર્થોપેડીક ડોક્ટર દ્વારા અને અમુકને નજીવી ઇજા હોઇ પ્રાથમિક સારવાર અપાઇ હતી. સિવિલ હોસિપટલમાં સવારથી રાત સુધી આ પ્રકારના દર્દીઓ સતત આવતાં રહ્યા હોઇ તબિબો, નર્સિંગ સ્ટાફ, પ્યુન સહિતનો કર્મચારીઓ સતત ખડેપગે રહ્યા હતાં. તો અમુકે ઘરગથ્થું કે ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર લીધી હતી.

બીજી તરફ કરૂણ ઘટનામાં પડધરીના સાલપીપળીયામાં પતંગ ઉડાડીને અગાસીએથી નીચે ઉતરતી વખતે પડી જતાં યુવાનનું મોત થયુ હતું. વિગતો જોઇએ તો પડધરીના સાલપીપળીયા ગામે પતંગ ઉડાડી લીધા બાદ અગાસી પરથી નીચે ઉતરતી વખતે સાંજે છએક વાગ્યે વિનોદ લીંબાભાઇ વાછકીયા નામનો છચ્ચવીસ વર્ષનો યુવાન પડી જતાં ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોડી રાતે મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર વિનોદ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. તેના મોતથી એક દિકરી અને બે દિકરા મળી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાંયા ગુમાવી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. વિનોદ છુટક મજુરી કરતો હતો. સીડીએથી ઉતરતી વખતે પગથીયું ભુલાઇ જતાં આ બનાવ બન્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરી હતી.

જ્યારે દોરાને કારણે ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં અનેક લોકોએ સારવાર લીધી હતી. તે પૈકીના નામો જોઇએ તો કૃણાલ કીશોરભાઇ (ઉ.વ.૨૦), દિનેશભાઇ વ્યાસ (ઉ.વ.૪૯), હર્ષ હેમતભાઇ (ઉ.વ.૨૦), નિલેષભાઇ સોલંકી (ઉ.વ.૩૦), નિર્જલાબેન (ઉ.વ.૨૪), યોગરાજ નિર્મલભાઇ (ઉ.વ.૨૨), વિજયભાઇ (ઉ.વ.૪૪), જયદીપ હિતેષભાઇ (ઉ.વ.૧૨), રહીશ શાદીકઅલી (ઉ.વ.૨), કમલેશભાઇ ઝાપડા (ઉ.વ.૨૬), યજ્ઞેશ રાજપરા (ઉ.વ.૨૫), આસીફભાઇ જાંબુડીયા (ઉ.વ.૫૦), નસીમબેન આસીમભાઇ જાંબુડીયા (ઉ.વ.૪૫), રીયાઝ મોહમદભાઇ (ઉ.વ.૧૪), રાહુલ અડવાણી (ઉ.વ.૨૮), અનીતાબેન લક્ષમણભાઇ (ઉ.વ.૪૦), મહેશભાઇ રાજાભાઇ ગાંગાણી (ઉ.વ.૩૦), વિજયભાઇ પરસાણા (ઉ.વ.૩૮), મીત વઢવાણીયા (ઉ.વ.૨), દક્ષીતા જેઠવા (ઉ.વ.૮), રણજીત જયંતિભાઇ (ઉ.વ.૭), લલીતભાઇ પરમાર (ઉ.વ.૫૫), અજયભાઇ ચાંદ્રા (ઉ.વ.૩૬), ધીરૂભાઇલાખાભાઇ (ઉ.વ.૭૦), સાહીલ અરવીંદભાઇ (ઉ.વ.૫), વૈભવ પારેખ (ઉ.વ.૩૨), સાગર ખીંટ (ઉ.વ.૨૪), જયેશ જગદીશભાઇ (ઉ.વ.૨૪), હીરલ જગદીશભાઇ (ઉ.વ.૨૪), પ્રકાશભાઇ ત્રીકમજી (ઉ.વ.૬૦), સુરેશભાઇ પારેખ (ઉ.વ.૬૧), અશોકભાઇ પારેખ (ઉ.વ.૬૫), અજય જેન્તીભાઇ (ઉ.વ.૧૪), બાબુસીંગ રાજપુત (ઉ.વ.૧૮)નો સમાવેશ થાય છે. પતંગના દોરા ફસાઇ જવાથી કે પતંગ ઉડાડતી વખતે પડી જવાથી ઇજાઓ થઇ હતી. જમાં અમુકને ગળા, ગાલ, હોઠ, કપાળે ઇજાઓ પહોંચી હતી. તો અમુક વાહન સાથે પડી જતાં ઓર્થોપેડીક વિભાગમાં પણ સારવાર લેવી પડી હતી.

આ ઉપરાંતજુનાગઢ સુખનાથ ચોકમાં રહેતો ઉઝેર ફૈઝુલભાઇ બ્લોચ (ઉ.વ.૯) રાજકોટ દૂધ સાગર રોડ પર શેરી નં. ૩માં હતો ત્યારે સંક્રાંતની સવારે ધાબા પરથી પડી જતાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આજીડેમ ચોકડી યુવરાજનગરમાં રહેતો ઋત્વીક મુન્નાભાઇ ચાવડા (ઉ.વ.૧૬) પતંગ ઉડાડતી વખતે છત પરથી પડી જતાં ઇજા થઇ હતી. તેમજ કોઠારીયા સોલવન્ટ શુભમ્ પાર્ક-રમાં રહેતો તન્વીર પ્રકાશભાઇ ગોહેલ (ઉ.વ.૮) ધાબા પરથી પડી જતાં ઇજા પહોંચતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઉપરાંત ભગવતપીરા મોડર્ન સ્કૂલ પાછળ હસન મુર્તુઝાભાઇ ભારમલ (ઉ.વ.૩) સીડી પરથી પટકાતાં અને ન્યારી ડેમ પાસે આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતો પ્રિન્સ હાર્દિકભાઇ વાસ્કલા (ઉ.વ.૯) પતંગ ઉડાડતી વખતે સીડી પરથી પડી જતાં ઇજા થતાં સારવાર માટે દાખલ કરાયો હતો. આ બનાવોમાં પોલીસ કેસ જાહેર કરાયા હતાં. જ્યારે પતંગના પર્વ દરમિયાન વાહન હંકારતી વખતે પડી જવાથી ઇજા થવાના બનાવોમાં ઇમર્જન્સી વોર્ડમાં સવારથી સાંજ સુધી દર્દીઓની આવક ચાલુ રહી હતી. આવા ૨૪ દર્દીઓની સારવાર ઇમર્જન્સી વિભાગના સ્ટાફે અને બાજુમાં જ શરૂ કરાયેલા મીની ઓપરેશન થીએટરમાં કરવામાં આવી હતી.

વાહન અકસ્માત તથા પડી જતાં ઇજાઓ થઇ તેમાં મોટા ભાગનાને પ્રાથમિક સારવાર અપાઇ હતી અને જરૂર હોય તેને મીની ઓપરેશન થીએટરમાં સર્જન દ્વારા સારવાર આપી સર્જરી કરાઇ હતી. અમુકને દાખલ કરવામાં આવ્યા હતાં. સિવિલ હોસ્પિટલમાં ખાસ સંક્રાંતિમાં થતી ઇજાઓ માટે ઇમર્જન્સી સેવા ચાલુ કરાઇ હતી અને મીની ઓપરેશન થીએટર પણ ઉભુ કરાયું હતું. જેથી ઘાયલોને તુરત જ સારવાર મળી રહી હતી.

### શાપરમાં પરિણીતાનો ગળાફાંસો ખાઇ આપઘાત
### રૂખડીયાપરામાં બેભાન થઇ જતાં યુવાનનું મોત

# આંબેડકરનગરના બત્રીસ વર્ષના યુવાનને તાવ ભરખી ગયો

રાજકોટ , તા. ૧૫

અપમૃત્યુના ત્રણ બનાવ બન્યા હતાં. જેમાં એક યુવાનનું તાવના કારણે, એક મહિલાએ ગળાફાંસો ખાઇ લેતાં મોત થયું હતું. તો એક યુવાન ઘરે પડી જતાં બેભાન થઇ જતાં મૃત્યુ થયું હતું. જાણવા મળ્યા મુજબ નાના મવા એજી ચોક સામે આંબેડકરનગર-૧માં રહેતાં ગૌતમભાઇ લખુભાઇ મુછડીયા નામના બત્રીસ વર્ષનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ગૌતમભાઇ એક બહેનથી મોટા અને અપરિણીત હતાં. તે મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. પરિવારજનોના કહેવા મુજબ દસેક દિવસથી તેને તાવ આવતો હતો. રાતે તબીયત બગડતાં સારવાર માટે દાખલ



કરાયેલ. પરંતુ સવારે મૃત્યુ થયું હતું.

જ્યારે રૂખડીયાપરામાં રહેતો સત્યાવીસ વર્ષનો સાગરભાઇ રમેશભાઇ ગોહેલ નામનો યુવાન સવારે ઘરે પડી જતાં ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે ત્રણ ભાઇમાં મોટો અને અપરિણીત હતો. સફાઇ કામદાર તરીકે કામ કરતો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકી મારફત થતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

ત્રીજા બનાવમાં શાપરના પારડી ગામે રહેતી પચ્ચીસ વર્ષની રેશ્માબેન અસલમભાઇ મકરાણી નામની પરિણીતાએ ઘરે લોખંડની આડીમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.આપઘાત કરનાર રેશ્માબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરી છે. પતિ કારખાનામાં મજૂરી કરે છે. આપઘાતનું કારણ બહાર ન આવતાં શાપર પોલીસે તપાસ યથાવત રાખી હતી.

# બસ સ્ટેશન પાછળ હોટેલના સમાચાર છાપવા મામલે થયેલી બબાલમાં વળતી ફરિયાદ

### પહેલા વિજયએ કરી FIR: હવે વિજય સહિત ચાર સામે હિરેન રૂડકીયાએ નોંધાવી ફરિયાદ

રાજકોટ , તા. ૧૫

એસટી બસ પોર્ટ પાછળ આવેલી મૂન હોટેલના કર્મચારી વિજય ગોજીયા ઉપર મીલપરાની એચ.આર. કિંગ હોટેલના સંચાલક ભાઇઓ હિરેન પ્રજાપતિ, મયુર પ્રજાપતિ અને વિશાલ નેપાળીએ સોશિયલ મિડીયા પર એચ.આર. કિંગ હોટેલમાં કૂટણખાનુ ચાલે છે તે પ્રકારના સમાચાર પ્રસિધ્ધ થયાના મામલે ડખ્ખો કરી ધોકા-પાઇપથી માર મારી લોહીલુહાણ કરી નાખ્યો હતો. હવે આ બનાવમાં એચ. આર. કિંગ હોટેલના સંચાલક ૩૬ વર્ષિય હિરેનભાઇ કિશોરભાઇ રૂડકીયા કે જે બાપા સિતારામ ચોક, આદર્શ એવન્યુ બી-૨૦૨, મવડી ચોકડીએ રહે છે તેની ફરિયાદ પરથી વિજય કરસનભાઇ ગોજીયા અને ત્રણ અજાણ્યા વિરૂધ્ધ વળતી ફરિયાદ દાખલ થઇ છે.

આ બનાવમાં હિરનભાઇ રૂડકીયાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છુ અને મીલપરામાં એચ.





આર. કીંગ હોટલ ભાડેથી ચલાવુ છું. આ હોટેલના મુળ માલિક ધીરેનભાઇ પટેલ છે. ગત તા. ૧૨/૧ના રોજ સોશિયલ મિડીયા ન્યુઝમાં એચ.આર. કિંગ હોટલમાં કુટણખાનુ ચાલતુ હોવાનું પેજ વાયરલ થયું હતુ. જે આ લખાણ અખબારના માલિક વિશુભાઇ ઉર્ફે વિશ્વજીતભાઈએ છાપેલ હતું. જેની મને જાણ થતા મેં વિશુભાઇને ફોન કરતા તેઓએ મારો ફોન ઉપાડેલ ન હતો. એ પછી મને ચિરાગભાઇનો ફોન આવેલ હતો અને તેણે કહેલું કે તારી હોટલનું સમાચારમાં આવ્યું છે. જેથી મેં કહેલું કે મને ખબર છે પણ વિશુભાઇ ફોન ઉપાડતાં નથી.

આ પછી ચિરાગે કહેલું કે-વિશુભાઇને મૂન હોટલવાળા ભાવેશભાઇ સાથે સારૂ બને છે. જેથી ચિરાગભાઇએ મને કોન્ફરન્સમાં લેવાની વાત કરી ભાવેશભાઇને કોન્ફરન્સમમાં લીધા હતાં. ભાવેશભાઇને જણાવેલ કે તને તારી ઉપર શક છે? મારે તો વિશુભાઇ જોડે દસેક દિવસથી પાર્ટનરશીપ છુટી થઇ ગઇ છે. આ પછી મારે ભાવેશભાઇ સાથે ફોન ઉપર થોડી બોલાચાલી થયેલ હતી. અને ત્યાર બાદ મેં ફોન કટ કરી ના ખેલ હતો. આ પછી ચિરાગભાઈ મારી હોટલ ઉપર વિજય ઉર્ફે વિરાજ ગોજીયાને લઇને આવેલ હતાં. તે વખતે હું હાજર ન હોઇ વિજયએ મારા ભાઇ મયુર સાથે બોલાચાલી કરી હતી અને ત્યાંથી જતો રહ્યો હતો. એ પછી ફરીવાર નવેક વાગ્યા બાદ વિજય ઉર્ફે ભાણો આવેલ હતો અને કહેલ કે તમે મારા મામાને ગાળો કેમ બોલો છો ? તેમ કહી બોલાચાલી કરી હતી.

તેમજ મારા ભાઇને પણ ગાળો આપી હતી. મેં તેને ઝઘડો નહી કરવા જણાવતા આ વિજયના ભાણાએ જેમ તેમ બોલી વધુ ઝઘડો કર્યો હતો. આથી હું અને વિશાલ નેપાળી નાઓ વચ્ચે પડતા વિશાલ નેપાળીને ધક્કો મારી વિજયએ મયુરભાઈને ઝાપટો મારી દીધેલ હતી. બાદમોં ત્યાંથી ભાગી ગયેલ હતાં. ત્યાર બાદ અમને ગુસ્સો આવી જતા અમે ત્રણેય જણાઓ નીકળેલ જેમા વિશાલભાઇના હાથમા લાકડી તથા મયુરભાના હાથમા એક પ્લાસ્ટીકની કમ્પલેઇન વાળી પાઇપ હતી.

અમે મૂન હોટલે ગયા હતાં અને વિજય ઉર્ફ ભાણો ક્યાં છે તેમ મેનેજરને પુછ્યું હતું. તેણે હોટેલમાં ઝઘડો કરવાની ના પાડેલ હતી. જેથી અમે નીચે રાહ જોતાં હતાં ત્યાં વિજય ભાણો આવ્યો હતો. તેની સાથે બીજા ત્રણેક માણસો પણ હતાં. આ બધાએ અમારી સાથે મારામારી ચાલુ કરી હતી. ચાના તપેલાથી મારા ભાઇને માર માર્યો હતો. તેમજ મારા હાથની પાઇપ મેં વિજયને મારી દીધી હતી. બીજા શખ્સોએ વચ્ચે પડી અમને હોકી, લાકડીથી માર માર્યો હતો. આ પછી બધા ભાગી ગયા હતાં. મેં સારવાર લીધી હતી. વિજય અને ત્રણ અજાણ્યાએ મને અને મારા ભાઇને તથા વિશાલ નેપાળીને માર માર્યો હતો. તેમ વધુમાં હિરેનભાઇએ કહેતાં પીએસઆઇ ડી. વાય. મહંતે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

### દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉતરાયણમાં ઠેઠકોણે થઇ મારામારી

# પતંગો તો ઠીક હથીયારો પણ ઉડ્યાઃ બાકાઝીકીની વીસ ઘટના

### ઘર સામે બેસવા મામલે મા-બેટા પર હુમલોઃ સાળા અને કાકીજી પર યુવાને કર્યો હુમલો અને દીધી ધમકીઃ અલગ અલગ કારણોસર જુદા જુદા સ્થળો જામી પડીઃ હાથ આવ્યું એ હથીયારથી કરાયા ઘા

રાજકોટ, તા.૧૫

પતંગના પર્વ મકરસંક્રાંતિમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગોની સાથે સાથે છરી, ધોકા, પાઇપ, પથ્થરો પણ ઉડ્યા હતાં. અલગ અલગ કારણોસર મારામારીની પંદરથી વીસ જેટલી ઘટનાઓ બની હતી. જેમાં મોટા ભાગના બનાવોમાં ઘાયલોએ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. અમુક કિસ્સામાં પોલીસ ફરિયાદ થઇ હતી. મોટા ભાગમાં જે તે માર ખાનાર સારવાર લઇ રજા લઇ રવાના થયા હતા.

વિગતો પર નજર કરીએ તો મવડી પ્લોટ વિનાયકનગરમાં રહેતાં મહિલાએ પોતાના ઘરની સામે બેસતાં પાડોશી અને અજાણ્યા શખ્સોને અહિ બેસવાની ના પાડતાં તેણે મારામારી કરી મહિલાને પછાડી દેતાં અને તેમનો દિકરો વચ્ચે પડતાં તેને પણ ઝાપટો મારી પતાવી દેવાની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. આ બનાવમાં માલવીયાનગર પોલીસે મવડી પ્લોટ વિનાયકનગર-૧૩ શંકર મંદિર પાસે રહેતાં પચાસ વર્ષના મુળ મધ્યપ્રદેશ ઉજ્જૈનના જશોદાબેન ગેંદુભાઇ બોરદીયાની ફરિયાદ પરથી વિનાયકનગર-૧૫માં રહેતાં મહાવીરસિંહ ઉર્ફ માવલો તથા ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. જશોદાબેન પાડોશી મહાવીરસિંહને ઘરની સામે અજાણ્યા શખ્સોને સાથે રાખી બેસવાની ના પાડતાં તેણે હુમલો કર્યો હતો. વચ્ચે પડેલા મહિલાના દિકરા સાવનભાઇને પણ માર મારી ધમકી દીધી હતી.

બીજા બનાવમાં ત્રંબા નજીક કાળીપાટ ગામે રહેતા અને જેસીબી હંકારી ગુજરાન ચલાવતાં વિજયભાઈ રમેશભાઈ ચાંડપા નામના યુવાનની ફરિયાદ પરથી રવિ મકવાણા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. વિજયભાઇએ જણાવ્યુ છે કે સંક્રાંતની બપોરે અઢી વાગ્યા આસપાસ મારા નાના બહેન તથા બનેવી રવિભાઈ ઉત્તરાયણનો તહેવાર ઉજવવા અમારા ઘરે આવેલા હોઇ અમે બધા જમવા બેઠા હતાં. આ પછી દ્વારકા જવાનું આયોજન કરતાં હતાં. ત્યારે મારા બનેવીએ મારા બહેનને દ્વારકા જવાની ના પાડતાં મેં મારા બનેવીને કહેલું કે મારા કાકી વિજ્યાબેન, તેમના દિકરી મીતલબેન, તેમના પતિ મહેશભાઇ અને વિજ્યાબેનની



ત્રણ દિકરી એમ બધા ઘરના સભ્યો જ દ્વારકા જાય છે તો મારા બહેનને પણ તમે દ્વારકા જવા દો.

આ સાંભળી મારા બનેવીએ મને ભુંડી ગાળો દીધી હતી અને મારા બહેનને ઢીકાપાટુ મારતાં હું વચ્ચે પડતાં ઉશ્કેરાઇ જઇ કહેવા લાગેલ કે આ બધું કરવા વાળી કાકી વિજયાબેન તથા તેના જમાઈ મહેશભાઈ છે. તેમ કહી મારા બનેવી રવિભાઈ અમારા ઘરની સામે રહેતા મારા કાકીના ઘરે ગયેલ અને ત્યાં મારા કાકી તથા તેમના દીકરીઓ તથા જમાઈ મહેશભાઈની હાજરીમાં મારા કાકીને ભૂંડા બોલી ગાળો બોલી ઝાપટો મારવા લાગેલ. જેથી ત્યાં હાજર જમાઈ મહેશભાઈ વચ્ચે પડતા મારા બનેવી કહેવા લાગેલ કે-આ બધું કરવાવાળો તું જ છે અને તને જાનથી મારી નાખવો છે. તેમ કહી તેનું ગળું પકડી લીધુ હતું. આજીડેમ પોલીસ સ્ટેશને જઇ બનેવી રવિભાઇ વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. હેડકોન્સ. બી. જે. વાઘેલાએ ગુનો નોંધ્યો હતો.

મારામારીના અન્ય બનાવોમાં નવા થોરાળા મેઇન રોડ પર રહેતાં અને મનપાની કચરા ગાડીમાં કામ કરતાં કિશનભાઇ દિનેશભાઇ પરમાર (ઉ.વ.૩૨) તથા તેના ભાઇ દેવેન્દ્રભાઇ દિનેશભાઇ પરમાર (ઉ.વ.૨૮) ઉપર રાતે અગીયારેક વાગ્યે સોરઠીયા પ્લોટ પાસે હતાં ત્યારે હંસરાજ સાગઠીયા, મનુ સાગઠીયા, સુનિલ સાગઠીયા સહિતે ધોકાથી હુમલો કરી માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. કિશનભાઇના કહેવા મુજબ રાતે મારા ભાઇ દેવેન્દ્રભાઇ સાથે હંસરાજ સહિતના માથાકુટ કરતાં હતાં. મને જાણ થતાં હું આ બધાને સમજાવવા જતાં બધાએ મળી મને અને મારા ભાઇને પણ ધોકાથી માર માર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

તેમજ કુબલીયાપરા-૫માં રહેતાં ધર્મેશ પોપટભાઇ સોલંકી (ઉ.વ.૫૦)ને રાતે દસેક વાગ્યે ઘર પાસે કલુ સહિતે માર મારી તિક્ષ્ણ વસ્તુથી ઇજા કરતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. જ્યારે ગંજીવાડા-૩૬ના સાગર વીહાભાઇ ચૌહાણ (ઉ.વ.૩૦)ને રાતે અગીયાર વાગ્યે ઘર પાસે રાહુલ, રોહિતે ઝઘડો કરી સળીયાથી માર મારતાં સારવાર માટે દાખલ થતાં થોરાળા પોલીસને જાણ કરાઇ હતી. ભગવતીપરામાં સુખસાગર સોસાયટીમાં રહેતાં સુમન કુમાર રામ (ઉ.વ.૩૦)ને રીઝવાન સહિતે ઝઘડો કરી પાણાના ઘા કરી ઇજા કરતાં સારવાર માટે દાખલ કરાયો હતો. શીવાજીનગર-૧ના કલ્પેશ ભરતભાઇ સરવૈયા (ઉ.વ.૨૨)ને એસટી વર્કશોપ પાછળ અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી માર મારતાં સારવાર માટે દાખલ થયો હતો.

જ્યારે રામ પાર્કના પાર્થ અશોકભાઇ રાઠોડ (ઉ.વ.૨૫)ને ૧૫૦ રીંગ રોડ ગીરીરાજ હોસ્પિટલ નજીક અજાણ્યા શખ્સે ઝઘડો કરી પાઇપથી માર મારતાં સારવાર માટે દાખલ થતાં તાલુકા પોલીસને જાણ કરાઇ હતી. આંબેડકરનગર-૧૪ એંસી ફુટ રોડ પર રહેતાં પ્રકાશ વસંતભાઇ ચાવડા (ઉ.વ.૩૫)ને ઘર પાસે મહિપાલ અને ગૌતમે માર મારતાં સિવિલમાં ખસેડાયો હતો. મેટોડામાં ગેઇટ નં. ૩ પાસે ગીરજા કનૈયાલાલ શાહુ (ઉ.વ.૪૦) અને વિક્કી ગીરજા શાહુ (ઉ.વ.૧૯)ને અજાણયાએ ઝઘડો કરી પાઇપથી માર મારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. નારાયણનગર-૧માં રહેતાં ભારતીબેન રણજીતભાઇ મકવાણા (ઉ.વ.૫૨)ને અજાણ્યાએ પાણકાનો ઘા કરી ઇજા કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસડાતાં આજીડેમ પોલીસને જાણ કરાઇ હતી. તેમજ મોરબી રોડ ગણેશનગરમાં રહેતાં સુરેશભાઇ ખોડાભાઇ મકવાણા (ઉ.વ.૫૫)ને સંક્રાંતિની સાંજે ઝઘડો કરી રમેશ, કિરણભાઇ સહિતે પાઇપથી માર મારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરાઇ હતી. આમ પતંગો સાથે હથીયારો પણ ઠેકઠેકાણે ઉડ્યા હતાં.

AIના યુગમાં પણ અંધશ્રધ્ધામાં લોકોને આંધળાભીંત કરી પડાવાય છે નાણા

# નાણાભીડ દુર કરવા,સાડા ૨૭ લાખનો ચુનો

## ઠગ ત્રિપુટી લોકોને રૂપિયા ભરેલી પેટી બતાવી જાળમાં ફસાવતાંઃ બાપ-બેટો ઝડપાયાઃ બાપુ નામના સુત્રધારની શોધખોળ

રાજકોટ, તા. ૧૫

વિજ્ઞાન, ઇન્ટરનેટ અને એઆઇના યુગમાં પણ અંધશ્રધ્ધામાં માણસને આંધળાભીંત કરી ઠગાઇ કરનારા ગઠીયાઓ સતત પોતાની કરતુતોથી પોતાના ગજવા ભરતા રહે છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં ધાર્મિક વિધીથી આર્થિક ભીંસ દુર કરી દેવાના નામે ઠગાઇ કરવામાં આવી છે. પોલીસ સુધી આ ઘટના પહોંચતા ઠગ ટોળકીના પિતા-પુત્રની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે ત્રીજા ગઠીયાની શોધખોળ થઇ રહી છે. આ ત્રિપુટીએ સાડા સત્યાવીસ લાખની ઠગાઇ કરી છે.

વિગતો પર નજર કરીએ તો ઘટના અંકલેશ્વરના પાનોલી વિસ્તારમાં બની છે. ધાર્મિક વિધિના નામે લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર આચરવામાં આવતાં પોલીસે ટોળકીનો પર્દાફાશ કરી આ મામલે પિતા-પુત્ર સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે એક આરોપી ફરાર છે. વિગતો અનુસાર ફરિયાદી પાસેથી માતા લક્ષ્મીજીની પૂજા અને આર્થિક સંકટ દૂર કરવાના બહાને કુલ રૂ. ૨૭,૪૮,૫૦૦ પડાવી લેવામાં આવ્યા હતા. રકમ પરત ન મળતા ફરિયાદીએ પાનોલી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ લોકોનો વિશ્વાસ જીતવા માટે પૈસાથી ભરેલી પેટીઓ બતાવતા હતા. તેઓ પૂજા કરવાથી આર્થિક મુશ્કેલીઓ દૂર થશે તેવી ખોટી વાતો ફેલાવી અનેક લોકો પાસેથી લાખો રૂપિયાની ઠગાઈ કરતા હતા.

આ રીતે સાડા સત્યાવીસ લાખની ઠગાઇ કરી હતી. આ મામલે પોલીસે અંકલેશ્વરના પારડી ઈદ્રીશ ગામના સનમુખ બુડાભાઈ વસાવા અને તેમના પુત્ર પ્રતીક સનમુખ વસાવાની ધરપકડ કરી છે. મહિસાગરના બાલાસિનોરનો સુથારભાઈ કે જે બાપુ તરીકે ઓળખાય છે તેનું નામ ખુલતાં પોલીસ તેને શોધી રહી છે.




**અન્ય કિસ્સામાં લૂંટેરી ગેંગનો સુત્રધાર ઝડપાયો યુવાનને છેતરી પોણા ચાર લાખ પડાવ્યા હતાં**

બીજી તરફ લૂંટેરી ગેંગ અને તેની ટોળકીએ લગ્નવાંચ્છુ યુવાનના પોણા ચાર લાખ પડાવી લીધાના કિસ્સામાં પોલીસ સુત્રધાર સુધી પહોંચવામાં સફળ થઇ છે. સુરેન્દ્રનગર જિલ્લાના યુવકને લગ્નની લાલચ આપી રૂ.૩.૭૫ લાખની છેતરપિંડી કરનાર લુટેરી દુલ્હન ગેંગના મુખ્ય સુત્રધારને મકરપુરા પોલીસે ઝડપી પાડ્યો છે. આ અગાઉ આ ટોળકીના બે સભ્યોને ઝડપી લેવામાં આવ્યા હતા. હાલમાં લુટેરી દુલ્હન સહિત ત્રણ આરોપી વોન્ટેડ છે.

વધુ માહિતી મુજબ વડોદરાના તરસાલી ખાતે રહેતી સોનાલીબેનના સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકામાં આવેલા ગામે રહેતા તારાબેન ભલગામાના દિકરા લાલજી મનસુખભાઇ ભલગામા સાથે લગ્ન કરાવી નોટરાઇઝ સોગંદનામુ તથા લગ્ન સબંધી સમજુતી કરાર કરાવી રાજેશગીરી ગોસ્વામી, હેમંત રાજગીરી ગોસ્વામી, મહેંદ્ર પ્રજાપતિ, નાજીર તથા શરીફાબેન બચુભાઈ મુસ્લીમ તથા તોસીફ બચુભાઈ મુસ્લીમ દ્વારા તેમની પાસેથી રોકડા તથા ઓનલાઇન મળી કુલ રૂપિયા ૩.૨૮ લાખ, સોના અને ચાંદીના દાગીના સહિત અન્ય રોકડ રકમ, મોબાઇલ ફોન તમામ મળી રૂપિયા ૩.૭૫ લાખ પડાવી લીધા હતાં. પરંતુ લગ્ન બાદ આરોપીઓએ સાસરીમાંથી એકવાર પિયરમાં સોનાલીને તેડી લાવ્યા હતા. દુલ્હન પણ સાસરીમાંથી દાગીના સહિતની રોકડ લઇ આવી ગઈ હતી. જેના કારણે દુલ્હન સોનાલીને પરત સાસરીમાં પરત નહી મોકલી યુવક તથા મહિલા સાથે ઠગાઈ આચરવામાં આવી હતી. મકરપુરા પોલીસે અલગ અલગ ટીમો બનાવી લુટેરી દુલ્હન ગેંગના મુખ્ય સુત્રધાર મહેન્દ્ર મોહન ઉર્ફે મોહનલાલ અંબાલાલ પ્રજાપતિને ઝડપી પાડ્યો હતો. વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

હમે તો અપનો ને લૂંટા જેવી વધી રહી છે ઘટનાઓઃ વધુ એક કિસ્સો

# વિશ્વાસુ સ્ટોર મેનેજર લાખો ઉસડી ફોન બંધ કરી છૂ

## અન્ય બનાવમાં મૃત વ્યકિતના નામે દસ્તાવેજ બનાવી જમીન બારોબાર વેંચી મારવાનું ખુલ્લુ પડ્યું કારસ્તાન

રાજકોટ, તા. ૧૫

હાલના સમયમાં એવા બનાવ સતત બની રહ્યા છે જેમાં વિશ્વાસુ જ દગાખોરી કરી ચોરીઓ કરી જાય છે. તાજેતરમાં એક કિસ્સામાં સોની વેપારીને ત્યાં ચાર દિવસ નોકરી કરી પાંત્રીસ લાખનુ સોનુ કારીગર ચોરી ગયો હતો. બીજા બનાવમાં વીસ દિવસની નોકરી બાદ કંપનીના દસ લાખ ચોરી કર્મચારી ભાગી ગયો હતો. હવે એવી ઘટના બની છે જેમાં એક સ્ટોર મેનેજર જ લાખોની રકમની ઉચાપત કરી ફોન બંધ કરી ગાયબ થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ સુરતના સિંગણપોર વિસ્તારમાં આવેલ જાણીતા શુભમ કે માર્ટમાં ચોરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. માર્ટમાં આસિસ્ટન્ટ સ્ટોરમેન તરીકે ફરજ બજાવતા દિવ્યેશ ધરમણભાઈ હેરભા નામના કર્મચારીએ સંસ્થા સાથે વિશ્વાસઘાત કરી કુલ ૩,૫૧,૦૯૯ ની રોકડ રકમની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. સ્ટોર મેનેજર વિવેક રાજારામ માનાપુરે દ્વારા સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વધુ માહિતી અનુસાર આરોપી દિવ્યેશ હેરભાએ હેડ કેશિયર આકાશ પ્રસાદને પંજાબ નેશનલ બેંકમાં નાણાં જમા કરાવવા મોકલ્યા હતા. જોકે, બેંકની રસીદ તપાસતા તેમાં ૫૦,૦૦૦ ની રકમ ઓછી માલુમ પડી હતી.

આ શંકાસ્પદ તફાવત બાદ જ્યારે મેનેજમેન્ટ દ્વારા ડેઇલી સેલ્સ રિપોર્ટની ઝીણવટભરી તપાસ કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે અગાઉની તારીખના ૧,૯૧,૭૨૯ પણ બેંકમાં જમા થયા નહોતા. સ્ટોર મેનેજરે જ્યારે માર્ટની મુખ્ય તિજોરીની તપાસ કરી ત્યારે તેમાં બીજા ૧,૦૯,૩૭૦ પણ ગાયબ હતા. આમ, અલગ-અલગ રીતે કુલ ૩.૫૧ લાખથી વધુની રકમ આરોપીએ સેરવી લીધી હોવાનું સપાટી પર આવ્યું હતું. આ દરમિયાન આરોપી દિવ્યેશે પોતાની



તબિયત ખરાબ હોવાનો મેસેજ કરી પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. માર્ટના અધિકારીઓએ આરોપીની પત્નીનો સંપર્ક કરતા તેણીએ પણ દિવ્યેશ ક્યાં છે તેની જાણ ન હોવાનું જણાવ્યું હતું.

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ પોલીસને સોંપવામાં આવ્યા છે, જેમાં આરોપીની શંકાસ્પદ હિલચાલ કેદ થઈ હોવાનું મનાય છે. સીસીટીવીના આધારે પોલીસ આરોપીના લોકેશન અને તેના ભાગવાના રૂટની તપાસ કરી રહી છે. કંપનીના સીસીટીવી કેમેરામાં કેદ થયેલા પુરાવાઓ આરોપી વિરુદ્ધ મજબૂત કડી સાબિત થઈ શકે તેમ છે. સિંગણપોર પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે આરોપી દિવ્યેશ હેરભાને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને તેના મૂળ વતન જૂનાગઢ સહિતના સંભવિત સ્થળોએ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ ઠગાઇની એક ઘટનામાં કોઇ નહિ તો મૃત વ્યક્તિના નામે બોગસપાવર ઓફ એટર્ની ઉભી કરી જમીન બારોબાર વેંચી દેવાનું કારસ્તાન ખુલ્લુ પડ્યું છે. વિગતો પર નજર કરીએ તો ખેડા જિલ્લાના મહુધા તાલુકાના બલોલ ગામે સર્વે નંબર ૪૦૧ વાળી જમીન બાબતે ખોટા દસ્તાવેજોના આધારે વેચાણ કરવાનું મોટું કૌભાંડ -કાશમાં આવ્યું છે. જિલ્લા જમીન તકેદારી સમિતિની બેઠકમાં થયેલી તપાસ બાદ આ જમીન સોદામાં બોગસ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ થયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સાબિત થયું છે. આ બાબતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળેલી સમિતિમાં લેવાયેલા નિર્ણય મુજબ હવે જવાબદારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા મહુધા સબ રજિસ્ટારને આદેશ કરાયો હતો.

બલોલ ગામની સર્વે નંબર ૪૦૧ વાળી જમીન અંગે જમીન તકેદારી સમિતિમાં અરજી કરવામાં આવી હતી. આ અરજીની તપાસણી દરમિયાન રેવન્યુ રેકોર્ડ તપાસતા માલૂમ પડયું હતું કે, આ જમીન વર્ષ ૨૦૦૯માં રજિસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવી હતી. આ વેચાણ દસ્તાવેજમાં રામાભાઈ ભગાભાઈ અને અન્ય લોકો દ્વારા કલ્પેશકુમાર કાંતિભાઈના નામે નોટરાઈઝ્ડ પાવર ઓફ એટર્ની રજૂ કરવામાં આવી હતી. આ પછી તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી હતી કે, રામાભાઈ ભગાભાઈનું અવસાન તારીખ ૧૮-૦૪-૧૯૯૬ના રોજ થયેલું છે અને તેમનો મરણનો દાખલો પણ રેકોર્ડ પર ઉપલબ્ધ છે. આમ, વર્ષ ૧૯૯૬માં મૃત્યુ પામેલા વ્યક્તિના નામે વર્ષ ૨૦૦૯માં બોગસ પાવર ઓફ એટર્ની બનાવીને જમીનનું વેચાણ કરી દેવામાં આવ્યું હતું.

ત્યારબાદ જિલ્લા જમીન તકેદારી સમિતિના સભ્ય સચિવ અને નિવાસી અધિક કલેક્ટર દ્વારા આ મામલે સબ રજિસ્ટ્રાર મહુધાને જરૂરી પુરાવાઓ સાથે સંબંધિત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તત્કાલ પોલીસ ફરિયાદ નોંધાવવા સૂચના આપી છે. બોગસ પાવર ઓફ એટર્નીના આધારે થયેલા આ રજિસ્ટર્ડ દસ્તાવેજ અંગે પોલીસ તપાસમાં અન્ય કેટલા લોકોની સંડોવણી છે તે બહાર આવશે. આ ઘટનાને પગલે ખેડા જિલ્લાના મહેસૂલી અને સહકારી આલમમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# ગૂગલ પરથી એડ્રેસ શોધી ચોરીઓ કરતી ટોળકી ઝડપાઇ

## મનીએક્ષચેન્જ નીઅર મી...એવુ લખી સર્ચ કરતાં અને દૂકાને પહોંચી તાળા તોડી રોકડ ઉસેડી હજારો કિલોમીટર દૂર બીજા રાજ્યમાં ભાગી જતાંઃ ચાર ચોર આવી ગયા હાથમાં

રાજકોટ, તા. ૧૫

ઠગાઇના એક ભુલો ત્યાં બીજા ચાર નવા કિસ્સાઓ સામે આવતાં હોય છે. સાથે સાથે ઠગાઇના નવા નવા નુસ્ખા પણ છત્તા થતાં રહે છે. પોલીસે એક એવી ગેંગને ઝડપી છે જે અલગ જ પ્રકારે ઠગાઇ કરતી હતી. મોટા શહેરોમાં મની એક્સચેન્જનીદુકાનોમાં જ આ ગેંગ ચોરીઓ કરતી હતી. ગૂગલ મેપ પર આવી દૂકાનો સર્ચ કરી-શોધી ત્યાં પહોંચી ચોરી કરી હજારો કિલોમીટર દૂર બીજા રાજ્યમાં જતાં રહતાં હતાં. આંતરરાજ્ય ટોળકીના આવા ચાર ચોર ઝડપાઇ ગયા છે.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે એક ઓપરેશન હાથ ધરીને ઉત્તર પ્રદેશની એક ખતરનાક આંતરરાજ્ય ગેંગના ચાર સભ્યોને ઝડપી પાડ્યા છે. આ ગેંગ ખાસ કરીને મોટા શહેરોમાં મની એક્સચેન્જની દુકાનોમાં ઘરફોડ ચોરી કરવામાં માહેર હતી. પોલીસને મળેલી બાતમીના આધારે અલથાણ વિસ્તારની એક હોટલમાંથી આ આરોપીઓને દબોચી લેવામાં આવ્યા હતો. આ ગેંગની કામ કરવાની-ગુના આચરવાની પદ્ધતિ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આરોપીઓ કોઈપણ નવા શહેરમાં જઈને સૌ પ્રથમ ગૂગલ સર્ચ એન્જિન પરમની એક્સચેન્જ નીઅર મી એવુ લખીને સર્ચ કરતા હતા. તેમને ખબર હતી કે આવી દુકાનોમાં મોટી માત્રામાં રોકડ રકમ ઉપલબ્ધ હોય છે.

ગૂગલ દ્વારા લોકેશન મેળવી



તેઓ દિવસ દરમિયાન રેકી કરતા અને રાત્રે ચોરીને અંજામ આપતા. આરોપીઓ પોતાની પાસે લોખંડના મજબૂત સળિયા રાખતા હતા. ટાર્ગેટ નક્કી થયા બાદ મોડી રાત્રે દુકાનોના શટર અથવા દરવાજાના તાળા સળિયા વડે તોડી તેઓ અંદર પ્રવેશતા હતા. માત્ર રોકડ રકમની જ ચોરી કરવી તેમનો મુખ્ય ઉદ્દેશ્ય હતો, જેથી ભાગવામાં સરળતા રહે અને માલ સગેવગે કરવાની માથાકૂટ ન રહે. ક્રાઈમ બ્રાન્ચે જે ચાર આરોપીઓને પકડ્યા છે તેમાં રિકુ અમરસિંગ ચૌહાણ, યોગેશકુમાર રાજવીરસીંગ ઠાકુર, જુગેન્દ્ર ઉર્ફે જયરામ રાજપુત અનેઅભિષેક હરીન્દ્રસિંગ ઠાકુરનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ મૂળ ઉત્તર પ્રદેશના વતની છે અને પરસ્પર મિત્રો છે.

પોલીસે જણાવ્યું હતું કે આ ગેંગ તાજેતરમાં જ તમિલનાડુના ચેન્નઈમાં ચોરી કરીને ટ્રેન મારફતે સુરત આવી હતી. તેઓ સુરતમાં પણ મની એક્સચેન્જની ઓફિસો ગૂગલ પર સર્ચ કરી તેને તોડવાની ફિરાકમાં હતા. જોકે, સુરત પોલીસની સતર્કતાને કારણે તેઓ કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ હોટલ અલથાણ રૂમ્સમાંથી પકડાઈ ગયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીના રોકડા ૨૩,૦૦૦ રૂપિયા અને ૫૦,૦૦૦ રૂપિયાની કિંમતના ૩ મોબાઈલ ફોન મળી કુલ ૭૩,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ રકમ તેઓએ ચેન્નઈની દુકાનમાંથી ચોરેલી રકમનો બાકી રહેલો ભાગ હતો.

વધુ માહિતી અનુસાર આરોપીઓએ કબૂલાત કરી છે કે તેઓ દિલ્હી, નોઈડા, હૈદરાબાદ, સિકંદરાબાદ અને ચેન્નઈ જેવા શહેરોમાં ચોરી કરી ચૂક્યા છે. જાન્યુઆરીના -થમ સપ્તાહમાં જ તેઓએ હૈદરાબાદ મેટ્રો સ્ટેશન પાસે બે મની એક્સચેન્જની દુકાનો તોડી હતી અને ત્યારબાદ ચેન્નઈમાં જે. એસ.એમ. ફોરેક્સ઼ માંથી ચોવીસ હજાર રૂપિયાની ચોરી કરી હતી. ગેંગનો મુખ્ય સાગરીત રિકુ અમરસિંગ ચૌહાણ રીઢો ગુનેગાર છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે તેના પર અગાઉ દસથી વધુ ગુનાઓ નોંધાયેલા છે. અન્ય આરોપીઓ પણ અગાઉ ફરીદાબાદ, સાકેત અને નોઈડામાં લાખોની ચોરીના ગુનામાં સંડોવાયેલા હોવાનું ખુલ્યું છે.

આ ડીટેક્શનની માહિતી આપતાં ક્રાઇમ બ્રાંચના ડીસીપી ભાવેશ રોઝીયાએ જણાવ્યું હતું કે, આ ગેંગ એક રાજ્યમાં ચોરી કર્યા બાદ પકડાઈ ન જાય તે માટે હજારો કિલોમીટર દૂર બીજા રાજ્યમાં જતી રહેતી હતી. તેઓ સતત મુસાફરીમાં રહીને અલગ-અલગ શહેરોને નિશાન બનાવતા હતા, જેના કારણે સ્થાનિક પોલીસ માટે તેમને ટ્રેસ કરવા મુશ્કેલ બનતું હતું. માત્ર દુકાનો જ નહીં, આ ગેંગે ગાઝિયાબાદમાં કન્સ્ટ્રક્શન સાઇટ પરથી ત્રણ વખત લોખંડની પણ ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. હાલ સુરત ક્રાઈમ બ્રાન્ચે આ ગેંગના રિમાન્ડ મેળવી અન્ય કેટલા ગુનાઓમાં તેમની સંડોવણી છે તે અંગે વિશેષ તપાસ યથાવત રખાઇ છે.

રોકાણ પર રોજ ઝીરો પોઈન્ટ પાંચ ટકા અને મહિને દસ ટકા વળતરની લાલચ અપાઇ હતી

# સ્કીમના નામે લાખોની ઠગાઇઃ ઠગ ઝડપાયા

## ગઠીયાઓએ બનાવેલી બે સાઇટ પરથી પીસ્તાલીસો આઇડી મળીઃ બીજી તરફ ઓનલાઇન વેંચવા મુકાતી વસ્તુ ખરીદવાના બહાને પહોંચી લાખોની ચોરીઓ કરનાર ઝડપાયો

રાજકોટ, તા. ૧૫

ગઠીયાગીરી અટકવાની જ નથી, લોકોને લાલચમાં લપેટીને રૂપિયા ઉસેડી લેતાં ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોને શિકાર બનાવી લે છે. દુબઇની ક્લબના નામે મલ્ટી લેવલ માર્કેટીંગ થકી લોકો સાથે ઠગાઇ કરનારા બે ગઠીયા પોલીસની ઝપટમાં આવ્યા છે. જો કે માસ્ટર માઇન્ડની શોધખોળ થઇરહી છે. સ્કીમ મુકીને આ ગઠીયાઓએ ટ્વેન્ટી ફોર સેવન ક્લબ નામની કંપનીના નામે લોકોને રોકાણ કરાવવા લલચાવ્યા હતાં અને ફ્રોડ આચરી લીધુ હતું.

વિગતો પર નજર કરીએ તો મલ્ટી લેવલ માર્કેટિંગની સ્કીમ મૂકીને દુબઇની ૨૪×૭ કલબ નામની કંપનીના નામે લોકો પાસે રોકાણ કરાવીને છેતરપિંડી કરવાના રેકેટનો સાયબર ક્રાઇમની ટીમે પર્દાફાશ કરીને બેની ધરપકડ કરી હતી. જ્યારે અમદાવાદના માસ્ટરમાઇન્ડને વોન્ટેડ જાહેર કર્યો છે. લોકોને રોજના ૦.૫ ટકા અને માસિક ૧૦ ટકા વળતરની લાલચ આપીને રોકાણના નામે રુપિયા પડાવતા હતો. પોલીસને બંનેની સાઇટ પરથી ૪૫૦૦ કસ્ટમર આઇડી મળી છે. સાયબર ક્રાઇમની ટીમને બાતમી મળી હતીકે,મોટા વરાછા ઓપેરા બિઝનેસ હબમાં હેલ્થ કેરની આડમાં રોજ ૦.૫ ટકાનું વળતર આપવાની કે મહિને ૧૦ ટકા વળતરની લાલચ આપીને ૨૪×૭ કલબની વેબસાઇટ કસ્ટમરની આઇડી બનાવી તેના પર રોકાણ કરાવી છેતરપિંડી કરવામાં આવી હતી.

આ મામલે ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી શૈલેષ નટુભાઇ ધામલિયાને સુરત પોલીસે પકડી પાડ્યો હતો. જ્યારે તેણે આ છેતરપિંડીની સ્કિમમાં દિપક ભુપત ડોબરીયા તેની સાથે હોવાની કબુલાત કરતા પોલીસે તેની પણ ધરપકડ કરીને પોલીસે તેમની પાસેથી મોબાઇલ ફોન, લેપટોપ, ડાયરીઓ અને અન્ય દસ્તાવેજો મળી કુલ રૂ.૧.૪૭ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યા હતો. જ્યારે આ સ્કિમનો માસ્ટરમાઇન્ડ



અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા રાહુલ ભીમાણી હોવાની કબુલાત કરતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

પોલીસની પુછપરછમાં દિપકે કંપનીનું દુબઇથી સંચાલન થતું હોવાનું જણાવ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૫થી તે આમાં જોડાયો હતો અને રોજના ૦.૫ ટકા અને મહિને ૧૦ ટકા વળતરની લાલચ આપીને રોકાણ કરાવતા હતા. જેનું કમિશન મળતું હતું. મલ્ટી લેવલ માર્કેટિંગ સિસ્ટમથી આ ધંધો કરતા હતા. સુરત સહિત ગુજરાતમાં અન્ય સ્થળે પણ ઓફિસ ખોલીને ચીટિંગ કરતા હતા.

બીજી તરફ એક અલગ જ કિસ્સો સામે આવ્યો હતો. રાજ્યના અલગ અલગ શહેરોમાં ઓએલએક્સ પર ચીજવસ્તુઓ વેચવા મૂકનારનો સંપર્ક કરીને તેમના ઘર સુધી પહોચીને નજરચૂકવીને ચીજવસ્તુ લઇને ફરાર થઈ જતા ગઠિયાને ઝોન-૫ એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો. જેમાં પોલીસે આરોપી પાસેથી ૧૫.૮૭ લાખનો મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે. આરોપીની પૂછપરછ કરતા તે ધોરણ-૭ સુધી ભણેલ અને ગુનાને અંજામ આપવા માટે ફોનમાં વાઈફાઈનો ઉપયોગ કરતો હતો.આરોપી ચોરીના માલ અડધી કિંમતે દિલ્હી ચોર માર્કેટમાં વેચી દેતો હતો. એલસીબીએ બાતમીના આધારે એક ઠગબાજ બેતાલીસ વર્ષીય સુરેશ ઠુમ્મરને ઝડપી પાડ્યો છે. આરોપીની પૂછપરછ કરતા સુરેશ વેબસાઈટ પર જયારે પણ કોઈ વ્યક્તિ પોતાની જૂની ચીજવસ્તુ વેચવા મુકે એટલે તેની પાસે રહેલા ડમી નંબરથી ફોન કરતો હતો. અને બાદમાં રૂબરૂ મળવા જઈને વેચાણ માટે મુકવામાં આવેલી વસ્તુ જોઈ આવતો હતો.

ત્યારબાદ વેચવા મુકનાર વ્યક્તિની તમામ માહિતી એકત્ર કરીને જયારે વ્યક્તિ ઘરે હાજર હોય નહી ત્યારે તેના ઘરે જઈને વસ્તુ ચોરી કરી લેતો રૂપિયા ઓનલાઈન આપી દઈશ અથવા તો કેટલાક સંજોગોમાં તો નજર ચૂકવીને પણ ચોરી કરી લેતો હતો. ત્યારે આરોપીને ઝડપીને પોલીસે ૫ વણઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. નારોલ, ચાંદખેડા, ઓઢવ, વડોદરા, ભરૂચ, સુરત સહીતના પોલીસ સ્ટેશનમાં માસ્ટર માઈન્ડ ચોરી વિરુદ્ધ વિશ્વાસઘાત અને નજર ચૂકવીને ચોરી કરી હોવાના જુદા-જુદા આઠ ગુના નોંધાઈ ચુક્યા હતા.પોલીસે આરોપી પાસેથી ૧૫.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આગામી સમયમાં પોલીસ દ્વારા દિલ્હી સુધી તપાસ કરવામાં આવશે.

### પાડોશી યુવાનો વચ્ચે પતંગ ઉડાવતી વખતે બોલાચાલી-ગાળાગાળી થઇ પછી થઇ મારામારી

# પતંગનો પેચ બન્યો મોતનું કારણ: યુવાનની હત્યા

## ગોંડલમાં ૩૮ વર્ષના યુવાનને પાડોશી યુવાને તેના પિતા-ભાઇ સાથે મળી છરી-ઇંટ ફટકારી પતાવી દીધો: વળતા હુમલામાં આ ત્રણેયને પણ પહોંચી ઇજા

રાજકોટ, તા.૧૫

ઉતરાયણમાં રાજકોટ જીલ્લાના ગોંડલમાં પતંગના પેચ કાપવા મામલે પાડોશીઓ વચ્ચે લોહીયાળ અથડામણ થઇ ગઇ હતી. જેમાં એક યુવાનનું પાડોશી પિતા-પુત્રોના હાથે ખુન થઇ ગયું હતું. વળતા હુમલામાં આ ત્રણેય પણ ઘાયલ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો ગોંડલના ભગવતપરામાં એક જ સમાજ-જ્ઞાતિના બે પરિવારો કે જે પડોશીઓ છે તેમની વચ્ચે પતંગનો પેચ કાપવા જેવી વાતે બોલાચાલી બાદ ગાળાગાળી થતાં એક બીજા પર છરી, પાઇપથી તૂટી પડ્યા હતાં. જેમાં એક કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં આડત્રીસ વર્ષના યુવાન પર પડોશી યુવાન, તેના ભાઇ અને પિતાએ હુમલો કરતાં ગંભીર ઇજા થઇ હતી. વળતા હુમલામાં આ ત્રણેય બાપ-દિકરાઓને પણ ઇજાઓ થતાં ચારેયને ગોંડલ હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ તથા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ આડત્રીસ વર્ષના યુવાનનું મોત થઇ બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

વિશેષ માહિતી પર નજર કરીએ તો ગોંડલ ભગવતપરા શેરી નં. ૨૫/૧૬ના ખુણે રહેતાં અનિલભાઇ પુંજાભાઇ લુણશીયા નામના આડત્રીસ વર્ષના યુવાન પર મકર સંક્રાંતીની બપોરે બારેક વાગ્યે પાડોશમાં જ રહેતાં સુનિલ મકવાણા, તેના ભાઇ સાગર મકવાણા અને પિતા કાંતિભાઇ મકવાણા સહિતે છરી-ઇંટથી હુમલો કરતાં અનિલભાઇને ગંભીર ઇજા પહોંચી હતી. મારામારી થતાં અનિલભાઇને બચાવવા માટે વચ્ચે પડેલી તેમની ભાણેજ નીશાબેન સોંદરવાને પણ ઇજા પહોંચી હતી. અનિલભાઇને માથા, શરીરે ગંભીર ઇજાઓ સાથે ગોંડલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. સામા પક્ષે છવ્વીસ વર્ષનો સુનિલ કાંતિભાઇ મકવાણા, બાવીસ વર્ષનો સાગર કાંતિભાઇ મકવાણા અને બંનેના પિતા ઓગણપચાસ વર્ષના કાંતિભાઇ ઉકાભાઇ મકવાણા પણ ઇજાગ્રસ્ત હાલતમાં ગોંડલ હોસ્પિટલમાં પહોંચતા સારવાર અપાઇ હતી.









**પોલીસે સામ-સામે ફરિયાદ દાખલ કરી: હત્યાનો ભોગ બનનારની છરી જ ઝુંટવીને તેને ઘા ઝીંકાયા હતાં**

બટાઝટીની ઘટનાની જાણ થતાં ગોંડલ પોલીસનો કાફલો ગોંડલ હોસ્પિટલે દોડી ગયો હતો. અનિલભાઇ અને સામા પક્ષના પિતા-બે પુત્રો એમ ચારેયને વધુ સારવાર માટે ગોંડલથી રાજકોટ ખસેડાયા હતાં. જેમાં અનિલભાઇને ખાનગી હોસ્પિટલમાં અને સામેના પક્ષના ત્રણેયને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જો કે સારવાર દરમિયાન અનિલભાઇએ દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. વધુ માહિતી મુજબ હત્યાનો ભોગ બનેલા અનિલભાઇ લુણશીયા કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. તે બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. અન્ય ભાઇ, બહેનના નામ જશીબેન, મીનાબેન અને વિનોદભાઇ લુણશીયા છે.

જેમાં મોટા ભાઇ વિનોદભાઇ લુણશીયા એડવોકેટ છે. પરિવારજનોએ જણાવ્યું હતુ કે અનિલભાઇને સંતાનમાં ૪ વર્ષનો દિકરો ક્રિયાંશ છે. તેમના પત્નિનું નામ નીરૂબેન છે. પિતા હયાત નથી, માતાનું નામ પ્રભાબેન છે. અનિલભાઇ સંક્રાંતિની સવારે પત્નિ, પુત્ર સાથે નજીકના વાછરડા રોડ પર રહેતાં સાસુ-સસરાના ઘરે ગયા હતાં. ત્યાંથી દસેક વાગ્યા બાદ પોતાના ઘરે આવ્યા હતાં અને બપોરે અગાસીએ પતંગ ચડાવવા ગયા ત્યારે પાડોશી સુનિલ મકવાણા સાથે પેચ કાપવા મામલે બોલાચાલી બાદ સુનિલ, તેના ભાઇ, પિતાએ ઇંટ, છરીથી હુમલો કર્યો હતો. જેના કારણે અનિલભાઇનું મોત થયું હતું. વળતા હુમલામાં ઘાયલ સુનિલ, સાગર અને કાંતિભાઇને રાજકોટ દાખલ કરાયા હોઇ તેના પર પોલીસ પહેરો મુકી દેવાયો હતો.

જે પૈકીના સાગરે કહ્યું હતું કે-મારા ભાઇ સુનિલે પાડોશી અનિલભાઇનો પેચ કાપી નાંખતા બંને વચ્ચે બોલાચાલી બાદ ગાળાગાળી થઇ હતી. સુનિલે ગાળો બોલવાની ના પાડતાં છરીથી હુમલો કરાયો હતો. બાદમાં એક બીજા પર હુમલો થયો હતો. ગોંડલ એ-ડિવીઝન પોલીસે સામ-સામી ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી. ઉતરાયણ પર્વને દિવસે જ સ્વજન ગુમાવનારા પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તો ગોંડલ પંથકમાં પણ ચકચાર મચી ગઇ હતી.

હત્યાની આ ઘટનામાં ગોંડલ સીટી પોલીસે હત્યાનો ભોગ બનનાર અનિલભાઇ લુણશીયાની ભાણેજ નીશાબેન વિનોદભાઇ સોંદરવા (ઉ.વ.૨૩)ની ફરિયાદ પરથી પાડોશી સુનિલ મકવાણા, તેના ભાઇ સાગર મકવાણા અને પિતા કાંતિભાઇ ઉકાભાઇ મકવાણા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. તેણીએ જણાવ્યું હતુ કે મારા મામા અનિલભાઇ તેમજ હું તથા મારા માતા મીનાબેન, નાની પ્રભાબેન સહિતના અગાસીએ પતંગ ઉડાવતાં હતાં. બારેક વાગ્યા પછી મામા અનિલભાઇને અમારા ઘરથી એક ઘર પછી રહેતાં સુનિલ મકવાણા સાથે પતંગ ઉડાડવા બાબતે બોલાચાલી થઇ હતી. આ પછી સુનિલના પિતા કાંતિભાઇએ ઇંટોના છુટા ઘા કર્યા હતાં. બાદમાં બધા નીચે ઉતરી ગયા હતાં અને શેરીમાં માથાકુટ થઇ હતી.

જેમાં સુનિલ, તેના ભાઇ, પિતાએ મારા મામા અનિલભાઇ પર લાકડી, છરીથી હુમલો કર્યો હતો. મામાને છાતીમાં, પેટમાં, માથે ઇજાઓ થઇ હતી. તે ભાગવા જતાં થોડે આગળ જઇ પડી ગયા હતાં. હું વચ્ચે પડતાં મને પણ ઇજા પહોંચી હતી. મામાને ગોંડલ બાદ રાજકોટ સારવાર માટે ખસેડ્યા હતાં. અહિ તેમનું મોત થયું હતું.

બીજી તરફ આ ઘટનામાં સામા પક્ષે સાગર કાંતિભાઇ મકવાણા (ઉ.વ.૨૧)ની ફરિયાદ પરથી હત્યાનો ભોગ બનેલા અનિલભાઇ પુંજાભાઇ લુણશીયા, તેની ભાણેજ નીશાબેન અને બહેન મીનાબેન વિરૂધ્ધ ગુનો નોંધાયો છે. સાગરના કહેવા મુજબ હું, મારો ભાઇ સુનિલ, તેના પત્નિ સંધ્યાબેન, પુત્ર, હું, મારા પિતા સહિતના પતંગ ઉડાવતા હતાં. આ વખતે મારા ભાઇ સુનિલે પાડોશી અનિલભાઇની પતંગ સાથે પેચ લગાવી તેની પતંગ કાપી નાંખતા બંને વચ્ચે બોલચાલી અને ગાળાગળી થઇ હતી. એ પછી તેણે અમારી મેડી તરફ પથ્થરના ઘા કર્યા હતાં. મારા ભાભી સંધ્યાબેને આ લોકોને માથાકુટ કરવાની ના પાડી હતી.

આ પછી બધા શેરીમાં ભેગા થઇ ગયા હતાં. ગાળગાળી બાદ અમારા પર અનિલભાઇ સહિતે છરીથી હુમલો કરતાં મને, મારા ભાઇને અને મારા પિતાને ઇજાઓ થઇ હતી. મને ગુસ્સો આવતાં અનિલભાઇ પાસે રહેલી છરી ઝુંટવીને તેને જ ઘા મારી દીધા હતાં. અનીલભાઇના બહેન મીનાબેનના હાથમાં લાકડાનું પાટીયુ હતું જે મને વાંસા, હાથમાં માર્યુ હતું. મારા પિતાને પણ પાટીયાથી ઇજા થઇ હતી. મને વધુ ગુસ્સો આવતાં મેં નજીકમાં પડેલી ઇંટ લઇ અનિલભાઇને માથામાં મારી દીધી હતી. મારામારીમાં મને, મારા ભાઇ સાગર અને પિતા કાંતિભાઇને ઇજાઓ થઇ હોઇ ગોંડલ સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં.

મારા ભાઇ સુનિલ મકવાણાએ અનિલભાઇ લુણશીયાની પતંગ સાથે પેચ લગાવી તેની પતંગ કાપી નાંખી હોઇ જેના કારણે આ માથાકુટ થઇ હતી. તેમ વધુમાં સાગરે જણાવ્યું હતું. પીઆઇ એલ. આર. ગોહિલ, એએસઆઇ બી. એચ. પરમારે બંને ફરિયાદો દાખલ કરી હતી

# સગીરનું અપહરણ, ધોલધપાટ, લૂંટમાં કરતા ૧૦ સામે ગુનો

## ઇન્સ્ટાગ્રામ પર યુવતિ સાથે વાત કરવાના મામલે ન્યારાના સગીરને રાજકોટ બોલાવી ગુનો આચરાયો હતો

રાજકોટ, તા.૧૫

નવ દિવસ પહેલા થયેલી માથાકુટમાં પોલીસે તપાસ બાદ ગુનો દાખલ કર્યો હતો. જામનગર રોડ પર આવેલા પડધરી તાબેના ન્યારા ગામના એક સગીરે ઈન્સ્ટાગ્રામ પર યુવતી સાથે વાતચીત કરી હોઈ આ બાબતનો ખાર રાખી તેને રાજકોટ માધાપર ચોકડી નજીક મૈસુર ભગત ચોકમાં વાતચીત કરવા બોલાવ્યા બાદ દસ શખ્સોએ તેને માર મારી અપહરણ કરી છરી બતાવી મોબાઈલની લૂંટ ચલાવી હોવાની ઘટના અઠવાડીયા પહેલા બની હતી. આ મામલે ગાંધીગ્રામ પોલીસે તપાસ કર્યા બાદ એફઆઈઆર દાખલ કરી હતી.

વિગતો જોઇએ તો ન્યારા ગામમાં રહેતા અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા સંજયભાઈ ખેતરીયાનો ૧૭ વર્ષીય પુત્ર ગત તા. ૦૭/૦૧/૨૦૨૬ના રોજ બપોરે તેના મિત્ર સાથે મોરબી બાયપાસ રોડ પર માધવ હોટલ પાસે ગયો હતો. તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ




ઈન્સ્ટાગ્રામ પર કોઈ અજાણી છોકરી સાથે વાત કરતો હોય, તે બાબતનો ખાર રાખી આરોપીઓએ તેને ત્યાં બોલાવ્યો હતો. માધવ હોટલ પાસે ચાર મોટરસાયકલ પર આવેલા ૧૦ શખ્સોએ આ સગીરનો મોબાઇલ પડાવી લઈ તેમાં ફોટા જોઈ બોલાચાલી કરી હતી. ત્યારબાદ આરોપીઓએ આર્યનને ઢીકાપાટુનો માર મારી બળજબરીથી મોટરસાયકલ પર બેસાડી તેનું અપહરણ કર્યુ હતું અને તેને એઈમ્સ હોસ્પિટલ રોડ અને ત્યાંથી જામનગર રોડ પર કોસ્મિક સ્કૂલ પાસે લઈ ગયા હતા.

ત્યાં એક શખ્સે છરી બતાવી પૈસાની માંગણી કરી હતી, પરંતુ તેની પાસે પૈસા ન હોવાથી તેનો સેમસંગ કંપનીનો મોબાઈલ બળજબરીથી પડાવી લીધો હતો. લૂંટ ચલાવ્યા બાદ આરોપીઓ સગીરને તેના ઘર પાસે મુકી ગયા હતા અને ધમકી આપી હતી કે જો આ બાબતે કોઈને વાત કરીશ તો તને જાનથી મારી નાખશું. સગીરે ઘરે આવી ઘટનાની જાણ કરતાં તેને ઈજાઓ પહોંચી હોવાથી પરિવારે તાત્કાલિક ૧૧૨ અને ૧૦૮ને જાણ કરી તેને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો.

પોલીસે તપાસ કર્યા બાદ આ મામલે સંજયભાઇની ફરિયાદ પરથી વિવેક અગ્રાવત, રોહિત, વરૂણ વાલ્મીકી, હિતેશ વાલ્મીકી, મનીષ વાલ્મીકી, આયુષ વાલ્મીકી, શુભમ સોલંકી અને ત્રણ અજાણ્યા સામે અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. ઇન્સ. એસ.આર. મેઘાણીની રાહબરીમાં હેડકોન્સ. આર.ડી. બારૈયાએ ગુનો દાખલ કરતાં પીએસઆઇ એસ. બી. જાડેજાએ કાર્યવાહી કરી હતી.

### પતંગના પર્વને દિવસે પણ યમરાજાએ ન રાખી નિરાંત: જુદા જુદા પરિવારોમાં કલ્પાંત

# ઉતરાયણને દિવસે હિટ એન્ડ રન: હડાળાના વિદ્યાર્થીનું મોત

## ૧૪ વર્ષનો દિવ્યેશ ચાલીને જતો હતો ત્યારે કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો: અન્ય ઘટનામાં અકસ્માતમાં ઘાયલ એક વૃધ્ધનું સારવારમાં મોત: પડી જવાથી પણ એક વૃધ્ધનું મોત: હૃદય બંધ પડતાં મહિલાનું, બેભાન હાલતમાં યુવાનનું મોત

રાજકોટ, તા.૧૫

યમરાજાએ પતંગના પર્વના દિવસે પણ નિરાત રાખી નહોતી. અલગ અલગ બનાવોમાં અપમૃત્યુની ઘટનાઓ બની હતી. જેમાં એક કિસ્સામાં હિટ એન્ડ રનમાં વિદ્યાર્થીનું મોત થયું હતું. અન્ય બનાવમાં અકસ્માતમાં ઘાયલ થયેલા વૃધ્ધનું મોત થયું હતું. તો એક યુવાનનું બેભાન હાલતમાં, એક વૃધ્ધનું પડી જવાથી અને એક મહિલાનું હૃદય બંધ પડી જવાથી મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ પર આવેલા હડાળા અને કાગદડી વચ્ચે ઉતરાયણના દિવસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં એક પરિવારના ૧૪ વર્ષના દિકરાનું મોત થતાં કલ્પાંત સર્જાયો હતો.હડાળા ગામે રહેતો દિવ્યેશ ભરતભાઇ બારૈયા કે જેની ઉમર ચૌદ વર્ષ હતી તે મકર સંક્રાંતિની સાંજે હડાળા-કાગદડી નજીક ચાલીને જતો હતો ત્યારે કોઇ કારનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં





ગંભીર ઇજા સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત નિપજતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર દિવ્યેશ બે ભાઇમાં મોટો હતો અને ધોરણ-૫માં ભણતો હતો. તેના પિતા સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. દિવ્યેશ સાંજે ઘરેથી આટો મારવા નીકળ્યો અને ચાલીને જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો.

અપમૃત્યુની અન્ય ઘટના જોઇએ તો ભાવનગર રોડ પર ચુનારાવાડ-૭માં રહેતાં પ્રવિણભાઇ મનજીભાઇ મકવાણા નામના પાંસઠ વર્ષના વૃધ્ધ દસમી જાન્યુઆરીના રોજ સવારે સાડા ચારેક વાગ્યે ઘર પાસે જતાં હતાં ત્યારે વાહન અકસ્માતમાં ઇજા થતાં સારવાર હેઠળ હતાં. તેમનું સંક્રાંતિના દિવસે સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

ત્રીજા બનાવમાં રૈયા રોડ શીવપરા-૫માં રહેતાં મનજીભાઇ છનાભાઇ ભટ્ટી નામના એંસી વર્ષના વૃધ્ધ ચોથી જાન્યુઆરીના રોજ ઘરે પડી જતાં બેઠકના ભાગે ઇજા થઇ હતી. બાદમાં તેમાં ગેંગરીંગ જેવું થઇ જતાં બિમાર થઇ ગયા હતાં. સંક્રાંતિની સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામના હેડકોન્સ. મિહીરસિંહ બારડે જરૂરી કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં કોઠારીયા સોલવન્ટ હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતાં એકતાલીસ વર્ષના સતિષભાઇ લક્ષ્મીદાસ મેસવાણીયા નામના યુવાન સંક્રાંતિની બપોરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. બિમારીથી મૃત્યુ થયાનું ખુલ્યું હતું.

પાંચમી ઘટનામાં હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યો હતો. મેટોડા જીઆઇડીસી ગેઇટ નં. ૩ કિસાન ગેઇટ પાસે સત્યાય ઇન્ડસ્ટ્રીઝ પાસે રહેતાં પાસંગબેન બુધ્ધુગુરંગ શેરપા નામના ઓગણપચાસ વર્ષના નેપાળી મહિલા સંક્રાંતિની વહેલી સવારે ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં મેટોડા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પાસંગબેન તેના પતિ બુધ્ધુગુરંગ સાથે પાંચેક વર્ષથી મેટોડા રહી ફેક્ટરીમાં નોકરી કરતાં હતાં. તેને સંતાનમાં ચાર દિકરા છે જે નેપાળ રહે છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. આમ તહેવારમાં પણ યમદૂતોએ રાહત લીધી નહોતી.

### રાજકોટની ભાગોળે કાગદડીના પાટીયે ઉતરાયણની રાતે ઘટના: બેડી-વાંકાનેરના પરિવારોમાં કાળો કલ્પાંત

# ગોઝારો અકસ્માત: ફુલડા જેવા બાળક-બાળકીના મોત

## બેડીના યુવાન વાંકાનેર ઉતરાયણ ઉજવી સાઢુની કારમાં પરિવારજનો સાથે પરત આવતાં હતાં ત્યારે સ્કોર્પીયો કાળ બની

રાજકોટ, તા. ૧૫

માર્ગ અકસ્માતની બની રહેલી ઘટનાઓમાં વધુ એક ગોઝારી ઘટના ઉતરાયણની રાતે બની હતી. જેમાં રાજકોટની ભાગોળે કાગદડીના પટીયા પાસે અલ્ટ્રોઝ કારને સ્કોર્પીયો કારના ચાલકે ઉલાળી દેતાં બે સાઢુભાઇએ પોતાના માસુમ સંતાનોને ગુમાવી દીધા હતાં. જેમાં ત્રણ વર્ષના એક બાળક અને નવ મહિનાની એક બાળકી મળી બે માસુમ ફુલડા જેવા માસીયાઇ ભાઇ-બહેનના મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો મકરસંક્રાંતિનું પર્વ રાજકોટના બેડી વાછકપર અને વાંકાનેરના બે સાઢુભાઇના પરિવારો માટે શોકમય બની ગયું હતું. કાગદડીના પાટીયા પાસે રાતે બંને સાઢુભાઇની કારને સ્કોર્પિયોના ચાલકે ઠોકરે ચડાવતાં બંને કારનો બૂકડો બોલી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માંતમાં બેડી વાછકપરના યુવાનના ત્રણ વર્ષના દિકરાનું અને તેના સાઢુભાઇ વાંકાનેરના યુવાનની નવ મહિનાની દિકરીના ગંભીર ઇજાઓ થતાં મોત થયા હતાં. જ્યારે બેડીના યુવાન અને તેના સાળીને ઇજા થતાં સારવાર માટે દાખલ કરાયા હતાં.

માહિતી અનુસાર કોળી યુવાન પરિવારજનો સાથે બેડીથી વાંકાનેર સાઢુના ઘરે પતંગ ઉડાડવા ગયા હતાં. રાતે સાઢુ આ બધાને પરત બેડી મુકવા આવ્યા ત્યારે અલ્ટ્રોઝ કારનો ટર્ન લઇ રસ્તો ઓળંગતી વખતે રાજકોટથી મોરબી તરફ જઇ રહેલી સ્કોર્પિયો ધડાકાભેર અથડાતાં બે માસુમ માસીયાઇ ભાઇ-બહેનના મોત થયા હતાં. વાછકપર બેડી ગામે રહેતાં અજયભાઇ સુરેશભાઇ બાબરીયા (ઉ.વ.૩૦) ગઇકાલે સંક્રાંતિ નિમીતે પોતાના પત્નિ, પુત્ર મોક્ષ (ઉ.વ.૩), સાળી ધર્મિષ્ઠા રમેશભાઇ વઢુકીયા (ઉ.વ.૧૫) સહિતને લઇને વાંકાનરે રહેતાં સાઢુ અનીલભાઇ જગદીશભાઇ મદરેસાણીયાના ઘરે ગયા હતાં. ઉતરાયણ ઉજવી લીધા બાદ અજયભાઇને પરિવાર સાથે બેડી આવવું હોઇ તેના સાઢુભાઇ અનિલભાઇ મદરેસણીયા પોતાની અલ્ટ્રોઝ કાર જીજે૩૬એએલ-૯૯૨૮માં બેસાડી બધાને બેડી મુકવા આવવા વાંકાનેરથી નીકળ્યા હતાં.

તેમની સાથે તેના પત્નિ, પુત્રી શ્રેયા (ઉ.વ.૯ મહિના) પણ હતાં. આ બધા રાતે સાડા અગીયારેક વાગ્યે રાજકોટના કાગદડીના પાટીયા પાસે પહોંચ્યા ત્યારે બેડી વાછકપર જવા ટર્ન લઇ રસ્તો ઓળંગી રહ્યા હતાં એ વખતે જ રાજકોટથી મોરબી તરફ જઇ રહેલી સ્કોર્પીયો જીજે૦૪એફએ ૭૭૭૧ બંબાટ ઝડપે આવી અલ્ટ્રોઝ સાથે અથડાતાં બંને કારનો બૂકડો બોલી ગયો હતો. અંદર બેઠેલા લોકોએ ચીસાચીસ કરી મુકી હતી. અલ્ટ્રોઝ કારમાં બેઠેલા પૈકીના અજયભાઇ બાબરીયા, તેના સાળી ધર્મિષ્ઠા અને દિકરા મોક્ષને તથા અજયભાઇના સાઢુ અનિલભાઇની દિકરી શ્રેયાને ઇજાઓ થઇ હતી. બાકીનાનો બચાવ થયો હતો. અજયભાઇ અને સાળીને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં.













બીજી તરફ જ્યારે માસુમ મોક્ષ (ઉ.વ.૩) અને શ્રેયા (ઉ.વ.૯ મહિના)ને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ બંનેને તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. મોક્ષ તેના માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. પિતા અજયભાઇ બાબરીયા ખેતી કરી ગુજરાન ચલાવે છે. જ્યારે શ્રેયા એક ભાઇથી નાની હતી. બંને સાઢુએ એક સાથે સંતાન ગુમાવતાં બંનેના પરિવારોમાં કલ્પાંત સર્જાયો હતો. કુવાડવા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ઘટનાને પગલે બેડી, વાંકાનેરના કોળી પરિવારોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કારના બૂકડા બોલી ગયા હતાં. બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ ગયા હતાં. પોલીસ, ૧૦૮ની ટીમો પણ દોડી ગઇ હતી.

# RMCને ૨૦૦ કરોડની લોન લેવાની નોબત કેમ આવી?

■ વર્ષ હોવાથી શાસકો કરબોજ ફગાવી ‘તરભાણું’ ભરવાની નીતિ અપનાવશે ? : ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના વાર્ષિક ખર્ચ રૂપિયા ૩૫ કરોડમાં રૂપિયા ૯૦ કરોડનો તોતિંગ વધારો થતાં ખર્ચ રૂપિયા ૧૨૦ કરોડ થયો

■ વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક અંદાજપત્ર રૂપિયા ૩૧૦૦ કરોડ : નાણાકીય વર્ષ પુરું થવામાં બે મહિના બાકી હોવા છતાં નાણાંના અભાવે હજુ સુધી રૂપિયા ૧૪૦૦ કરોડ જ વપરાયાં! : નાણાંના અભાવે ૨૦૨૪-૨૫ના બજેટની પણ અનેક યોજનાઓની ફાઈલ અભેરાઈ પર ચડાવી દેવાઈ!

■ દર વર્ષે પાંચ ટકાનો વધારા મુજબ નવા નાણાકીય વર્ષમાં ૧૨૦૦ કરોડ ખર્ચ વધશે : દસ વર્ષનો કોન્ટ્રાકટ અને વર્ષે પાંચ ટકાના વધારા મુજબ આગામી વર્ષોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનનો ખર્ચ રૂપિયા ૯૦૦ કરોડ પહોંચશે




## બજેટમાં તોતિંગ કર બોજ ઝીંકવા સિવાય છૂટકો જ નથી

મહાનગરપાલિકા પાસે પાણીના પુરતા સોર્સ નથી. આજી અને ન્યારી ડેમ રાજકોટના વધતા જતા વિસ્તાર અને વસ્તીના પ્રમાણમાં રકાબી જેવા છે. આથી, વર્ષમાં બે વાર સૌની યોજના હેઠળ નર્મદા નીર માંગવા પડે છે. આવી જ રીતે પાઈપ લાઈન મારફતે પણ નર્મદા નીર મળે છે. નર્મદા નીર માટે રાજ્ય સરકારને પ્રતિ એક હજાર લીટરે છ રૂપિયા મહાનગરપાલિકા ચુકવે છે. આ સામે દરવર્ષે ખાલી ૧૫૦૦ રૂપિયા પાણી વેરો લેવામાં આવે છે. આ મુજબ પાણી વેરાની આવક અને ખર્ચ વચ્ચે મોટું ગાબડું રહે છે.

## મિલકત વેરાનો લક્ષ્યાંક પૂરો થાય તો પણ માંડ માંડ પગાર ખર્ચ નીકળે તેમ છે!

આવી જ રીતે મિલકત વેરાની લક્ષ્યાંક મુજબ વસુલાત થાય તો પણ તે પગાર ખર્ચમાં વપરાઈ જાય તેમ છે . મિલકત વેરાનો લક્ષ્યાંક ૪૫૪ કરોડ છે. આ સામે રૂપિયા ૪૫૦નો પગાર ખર્ચ છે. એટલે હવે માત્ર મિલકત વેરાથી જ મહાનગરપાલિકાનું ગાડું દોડે તેમ નથી. મનપાએ સાત પ્લોટ વેચવા કાઢ્યા પણ કેટલાં વેચાશે તે પ્રશ્નાર્થ છે . મહાનગરપાલિકાએ ૩૭૦ કરોડના સાત પ્લોટ વેચવા કાઢ્યા છે. જો તમામ પ્લોટનુ વેચાણ થાય તો રૂપિયા ૨૦૦ કરોડની લોન લેવાની જરૂર નહીં પડે. અને મહાનગરપાલિકાની તિજોરી થોડી ભરાશે. પણ કેટલાં પ્લોટ વેચાશે અને વેચાશે કે નહીં એની મુંઝવણ તંત્ર અનુભવી રહ્યું છે.

રાજકોટ, તા. ૧૫
રાજકોટ મહાનગરપાલિકાની તિજોરીના તળિયા દેખાતા આખરે અમૃત -૨ યોજના સહિતના કામો માટે રૂપિયા ૨૦૦ કરોડની લોન લેવાની નોબત આવી છે. મહાનગરપાલિકાની તિજોરી સાફ કરવામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનો ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનનો કોન્ટ્રાક્ટ કારણભૂત છે. એક તરફ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે શહેરના મોટાભાગના માર્ગો પર આડેધડ પથરાયેલા ૧૧૫ ન્યુસન્સ પોઈન્ટ નાબુદ કરવા માટે ૨૦૨૪-૨૫ ના બજેટમાં અમલમાં મુકાયેલી યોજના અભેરાઈ પર ચડાવી દીધી છે ત્યારે બીજી બાજુ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટે દર વર્ષે પાંચ ટકાના વધારા સાથેની રૂપિયા ૧૧૦૦ કરોડની યોજનાનો અમલ શરૂ કરાવીને મહાનગરપાલિકાને ભીખ માગતું કરી દીધું છે.

અગાઉ જે કામ વર્ષે રૂપિયા ૩૫ કરોડના ખર્ચે આસાનીથી થતું હતું એ જ કામમાં વર્ષે ૯૦ કરોડના વધારા સાથે વાર્ષિક ૧૨૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપીને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે પ્રજાનાં નાણાંનો જાહેરમાં ધૂમાડો કર્યો છે. પરિણામે હવે દર વર્ષે આ કોન્ટ્રાક્ટમા રૂપિયા ૧૨૦૦ કરોડોનો ખર્ચ વધશે. આ ૧૨૦૦ કરોડનો વધારાનો બોજો દર વર્ષે પ્રજાની પીઠ પર વધવાનો છે. દસ વર્ષનાં કોન્ટ્રાક્ટ મુજબ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનનો આ પ્રોજેક્ટ મહાનગરપાલિકાની તિજોરી પર આગામી વર્ષોમાં ૯૦૦ કરોડનો બોજો વધારશે.

મહાનગરપાલિકાની આર્થિક નબળી સ્થિતિની અસર વર્તમાન નાણાંકિય વર્ષનાં બજેટ ઉપર પણ પડી છે. ૨૦૨૫-૨૬ ના નાણાંકિય વર્ષનું અંદાજપત્ર રૂપિયા ૩૧૦૦ કરોડ છે. હવે નાણાંકિય વર્ષ પુરું થવામાં બે મહિના બાકી છે ત્યારે હજી સુધી રૂપિયા ૧૪૦૦ કરોડનો ખર્ચ થયો છે. પરિણામે અનેક યોજનાનો અમલ થાય એ પહેલાં જ બાળ મરણ થયું છે. માત્ર ૨૦૨૫-૨૬ ના વર્ષની જ નહીં પણ આ પહેલાં ૨૦૨૪-૨૫ના વર્ષમાં જે યોજનાઓ અમલમાં મૂકવા આવી હતી એ યોજનાઓ પણ ટીઆરપી અગ્નિ કાંડના કારણે આગળ વધી શકી નહોતી અને હવે એક વર્ષ જુની અનેક યોજનાઓ પણ અભેરાઈ પર ચડાવી દેવાઇ છે.

નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬ માં રેસ કોર્સ રિંગ રોડ ફરતે આકર્ષક એલ ઈ ડી લાઈટ, નવાં અને મોડેલ એન્ટ્રી ગેટ, બોલબાલા હોલ પાસે વોર્ડ નંબર ૧૪ માં નવો કોમ્યુનિટી હોલ, રેલનગરમાં નવી શાક માર્કેટ, રામનાથ મહાદેવ મંદિર બ્યુટિફિકેશન જેવી અનેક યોજનાઓ હજુ શરૂ થઈ નથી અથવા સંપૂર્ણ રીતે પૂર્ણ થઇ નથી. આવી રીતે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં મુકાયેલી અનેક યોજનાઓનું બાળ મરણ થયું હોય તેમ અભેરાઈએ ચડાવી દેવાઇ છે.

વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં જાહેર કરાયેલી યોજનાઓની ફાઈલ અત્યારે ક્યાં છે તે અધિકારીઓ પણ જાણતા નહીં હોય!

આવી યોજનાઓમાં જન ભાગિદારી દ્વારા જળ સંવર્ધન, ત્રણ મહિલા હોકર્સ ઝોન, મોરબી રોડ પર નવું સ્મશાન ગૃહ, કિસાનપરા ચોક થી મહિલા કોલેજ અને બાલાજી હોલ થી ધોળકિયા સ્કૂલ સુધી વ્હાઇટ ટોપિંગ રોડ, પીડીએમ ફાટક પાસે બ્રીજ, સફાઈ કામદારો માટે કોમ્યુનિટી હોલ, ૨૦૦૫ થી અમલમાં આવેલી આજી રિવરફ્રન્ટ, પેડક રોડ ડેવલપમેન્ટ, ગ્રીન લાયબ્રેરી, ૧૧૫ ન્યુસન્સ પોઈન્ટ નાબુદી કરણ, શહિદ પાર્ક, પ્રાકૃતિક વેચાણ હોકર્સ ઝોન અને ત્રણેય ઝોનમાં પાર્ટી પ્લોટની યોજના જાહેર કરવામાં આવી હતી. આમાં કટારિયા ચોકડી અને શિતલ પાર્ક પાસે એમ બે પાર્ટી પ્લોટ બન્યા છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૪મા બનેલા ટીઆરપી અગ્નિ કાંડે મહાનગરપાલિકામાં પૂરપાટ દોડતી ભ્રષ્ટાચારની ગંગોત્રીને ખુલ્લી પાડી હતી. અને આ વિવાદ પછી એક જ વર્ષમાં ત્રણ કમિશનર બદલાયા હતા. તત્કાલીન કમિશનર આનંદ પટેલની બદલી કરી દેવામાં આવી હતી. તેમના સ્થાને દેસાઈ પણ થોડો સમય રહ્યા અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કોન્ટ્રાક્ટનો આકરો ડામ મહાનગરપાલિકા અને પ્રજાને આપી ને જતાં રહ્યાં.ત્યારબાદ આવેલાં તુષાર સુમેરા પાસે જે તે સમયે બજેટનો અભ્યાસ કરવા માટે પુરતો સમય નહોતો. આથી તેઓએ બજેટમાં ૧૫૦ કરોડના કરબોજ ઝીંક્યો હતો. પણ, શાસકોએ તે રદ કરી નાખ્યો હતો.

### વેરા વસુલાત વિભાગની મેગા ડ્રાઈવ

# ૨૭૦ મિલકત સીલ, બે કરોડની વસુલાત

## તમામ ૧૮ વોર્ડમાં ૧૦૦થી વધુ કર્મચારીઓ દ્વારા સીલિંગ ઝુંબેશ, અચાનક કડક કાર્યવાહી કરાતા વેપારીઓમાં રોષ




રાજકોટ , તા. ૧૫
રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા આજે શહેરના તમામ ૧૮ વોર્ડમાં મિલકત વેરાની વસૂલાત માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી ત્રણેય ઝોનમાં ૧૦૦ થી વધુ કર્મચારીઓની બનેલી કુલ ૧૮ અલગ-અલગ ટીમો દ્વારા બાકી વેરો ધરાવતી મિલકતોને સીલ કરવાની અને સ્થળ પર જ વસૂલાત કરવાની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. સાંજ સુધીમાં કુલ ૨૭૦ મિલકત સીલ કરી રૂપિયા ૧ કરોડ ૯૦ લાખની વસુલાત કરવામાં આવી છે.

મનપા તંત્ર દ્વારા ઓચિંતા લેવામાં આવેલા આ કડક પગલાને કારણે વેપારીઓમાં રોષની લાગણી જન્મી હતી કોઈપણ નોટિસ કે સમય આપ્યા વિના આ કામગીરી કરવામાં આવતી હોવાનો આરોપ મોચી બજાર વિસ્તારના વેપારીઓએ લગાવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ આજની મેગા ડ્રાઈવ અંતર્ગત વેરા વિભાગની ટીમો સવારથી જ સક્રિય થઈ ગઈ હતી. જે મિલકત ધારકોનો લાંબા સમયથી વેરો બાકી છે અને વારંવારની સૂચના છતાં વેરો ભરપાઈ કરવામાં આવતો નથી, તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી હતી નાણાકીય વર્ષના અંતિમ તબક્કા પહેલા લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

જોકે, આ કામગીરી દરમિયાન મોચી બજાર વિસ્તારનાં વેપારીઓએ તંત્રની અચાનક કાર્યવાહી સામે રોષ વ્યક્ત કર્યો હતો. મયુર જનરલ સ્ટોર્સના માલિક મયુર શાહે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતુ કે, કોર્પોરેશન દ્વારા કોઈપણ પૂર્વ જાણ કે નોટિસ આપ્યા વગર દુકાનો સીલ કરી દેવામાં આવી છે. અનેક કિસ્સાઓમાં ૩ દુકાનોનો વેરો એક જ ફેમિલીના નામે આવતો હોય જે બાબતે અગાઉ રજૂઆત પણ કરવામાં આવી છે. આમ છતાંય વ્યાવહારિક રીતે આકારણી કે માપણી કર્યા વગર સીધા સીલ મારવાની પ્રક્રિયા અન્યાયી છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, જ્યુબિલી વિસ્તારમાં પણ અંદાજે ૭ થી ૮ દુકાનોને સીલ મારવામાં આવ્યું છે, જેમાં પણ મનપાના ચોપડે રહેલા આંકડા અને વાસ્તવિકતામાં મોટો તફાવત છે. ૧૩૦ ફૂટની દુકાનનો ૧૫ થી ૨૦ વર્ષનો બાકી વેરો આશરે રૂ. ૯૦,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦ જેટલો થતો હોય છે. જેની સામે મનપા રૂ. ૩,૩૦,૦૦૦ જેવી માતબર વેરા રકમની માંગણી કરી રહી છે. વેપારીઓએ માંગ કરી છે કે તંત્રએ સીલ મારતા પહેલા ઓછામાં ઓછા ૫ થી ૧૫ દિવસનો સમય આપવો જોઈએ.

અંગે રાજકોટ મનપાનાં વેરા વિભાગના સેન્ટ્રલ ઝોન મેનેજરને પણ તેમણે રજુઆત કરી છે. તેમજ તેઓએ નવા કાયદા અંગેની સમજ પણ આપી છે. ત્યારે આવી ઓચિંતી સિલિંગ પ્રક્રિયા કરવાને બદલે તેમના સીલ ખોલી બાકી વેરો ભરવા માટે સમય આપવામાં આવે તેવી માંગ વેપારીઓએ કરી છે. વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલે જણાવ્યું હતુ કે, આજે મ્યુ. કમિશ્નરનાં આદેશ મુજબ રૂ. ૨૫,૦૦૦ કે તેના કરતાં વધુ વેરો બાકી હોય તેવી મિલકતો સીલ કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. અને કુલ ૨૭૦ જેટલી મિલકતો સીલ કરાઈ છે. મોચીબજારનાં વેપારીઓએ લગાવેલા આરોપો અંગે તેમણે જણાવ્યું હતુ કે, તેમના દ્વારા બિલનું વિભાજન કરવાની માત્ર મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈને તેને અરજી કરવા સહિતની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. તેમની અરજી આવ્યે આ માટે નિયમ મુજબની પ્રક્રિયા કરી આપવામાં આવશે. આવા મિલકત ધારકોને અગાઉ પણ વારંવાર જાણ કરવામાં આવી હતી. જોકે લાંબા સમયથી વેરો ભરવામાં આવતો નહીં હોવાથી આ કડક પગલાં લેવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાં કલેક્ટર કચેરી સહિત જુદી-જુદી સરકારી મિલકતોનો અને મોબાઈલ ટાવરોનો કરોડો રૂપિયાનો વેરો વસુલવાનો બાકી છે. જો કે આવા મિલકત ધારકો સામે ઘૂંટણિયે પડી તંત્ર દ્વારા આજે માત્ર રૂ. ૨૫,૦૦૦ કે તેનાથી વધુ વેરો બાકી હોય તે મિલકતો સીલ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. સાજ સુધીમાં કુલ ૨૭૦ મિલકતો સીલ કરવામાં આવી ચૂકી છે. અને અત્યાર સુધીમાં રૂ. ૧ કરોડ ૯૭ લાખની વસુલાત કરવામાં આવી છે. મિલકત વેરાના કુલ ૪૫૪ કરોડના લક્ષ્યાંક સામે આજ સાંજ સુધીમાં રૂપિયા ૩૨૮ કરોડ એકત્ર થયા છે. બીજી બાજુ આગોતરી જાણ કર્યા વગર કોર્પોરેશનની આ કડક કાર્યવાહીને લઈ લોકોમાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે.

### મુળ કાલાવડ પંથકનો પચ્ચીસ વર્ષનો યુવાન રાજકોટમાં પીસ્તાલીસ વર્ષની મહિલા સાથે પડ્યો હતો પ્રેમમાં: મોત સાથે પ્રેમકહાનીનો કરૂણ અંત

# ત્રાસરૂપ બનેલા પ્રેમીને પ્રેમિકાએ પરલોક પહોંચાડી દીધો

## ઉત્તરાયણની સાંજે સહકારનગર રોડ પર સરાજાહેર થઇ હત્યા: પ્રેમિકાની સાથે તેનો હાલનો મિત્ર પણ હત્યામાં સામેલ: ભક્તિનગર પોલીસે બંનેને દબોચી લીધા

રાજકોટ, તા. ૧૫
શહેરમાં વધુ એક વખત ઉતરાયણના પર્વને દિવસે જ હત્યા થઇ ગઇ હતી. પ્રેમસંબંધમાં સર્જાયેલો ડખ્ખો હત્યા સુધી પહોંચી ગયો હતો. જેમાં લગ્ન વગર સાથે રહેતાં પચ્ચીસ વર્ષના પ્રેમી અને પીસ્તાલીસ વર્ષની પ્રેમીકા વચ્ચે ચારેક મહિનાથી માથાકુટ ચાલતી હોઇ અગાઉ પણ પ્રેમીએ પ્રેમીકાને છરી મારી દીધી હતી. આ વાતનો ખાર રાખી પ્રેમીને પ્રેમીકાએ ફોન કરી સહકાર રોડ પર બોલાવ્યા બાદ પોતાની સાથે રહેતાં અન્ય શખ્સ સાથે મળી કાવત્રાને અંજામ આપ્યો હતો. આડેધડ સત્તરેક છરીના ઘા ઝીંકી ક્રુરતાથી તેને ઢાળી દીધો હતો. આ ગુનામાં પોલીસે બંને આરોપીઓને પકડી લીધા હતા.

વિગતો પર નજર કરીએ તો સંક્રાંતિની સાંજે સહકાર રોડ પર સરાજાહેર ક્રુર હત્યાની ઘટના બની હતી. જેમાં મુળ કાલાવડના નાની વાવડીના અને દોઢેક વર્ષથી રાજકોટમાં ૪૫ વર્ષની મહિલા સાથે લગ્ન વગર પતિ-પત્નિની જેમ રહેતાં ૨૫ વર્ષના સાવન રમણીકગીરી ગોસ્વામી નામના બાવાજી યુવાનને હાલમાં ચારેક મહિનાથી વર્ષા સાથે મનમેળ ન હોઇ તેનાથી અલગ રહેતો હતો. આમ છતાં તે વર્ષાને સતત હેરાન કરતો હોઇ ખાર રાખી સંક્રાંતિની સાંજે વર્ષાએ ફોન કરી સાવનને સહકાર રોડ પર બોલાવી પોતાની સાથે હાલમાં રહેતાં દર્શન ઉર્ફે ભુદેવે મળી આડેધડ છરીના સત્તર જેટલા ઘા મારી ક્રુરતાથી પતાવી દીધો હતો.

વધુ માહિતી અનુસાર સાવને દોઢ મહિના પહેલા પણ વર્ષા સાથે માથાકુટ કરી તેને છરી મારી દીધી હતી. આ કારણે માથાકુટ ચાલતી હોઇ હત્યા કરવામાં આવ્યાનું ખુલ્યું હતું. સંક્રાંતની સાંજે એક યુવાનને ગંભીર ઇજાઓ સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જેને તબિબે મૃત જાહેર કર્યો હતો. તપાસ બાદ આ લાશ સાવન રમણીકપરી ગોસ્વામીની હોવાનું અને તેની હત્યા તેની જ પુર્વ પ્રેમિકા સહિત બે જણાએ સહકાર રોડ પર કરી હોવાનું ખુલતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આ બનાવમાં ભક્તિનગર પોલીસે હત્યાનો ભોગ બનનાર સાવનના પિતા કાલાવડના નાની વાવડી ગામે જુની ખરાવાડમાં રહેતાં ત્રેસઠ વર્ષના રમણીકપરી નારણપરી ગોસ્વામીની ફરિયાદ પરથી રાજકોટની વર્ષા ગોપાલભાઇ ગઢવી અને તેની સાથેના દર્શન ઉર્ફ ભુદેવ વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી સકંજામાં લઇ વધુ તપાસ હાથ ધરી હતી.

આ બનાવ મામલે રમણીકપરી ગોસ્વામી નાની વાવડીમાં પરિવાર સાથે રહી ફરસાણાની લારી કાઢી ગુજરાન ચલાવે છે. તેમજ રાતે કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગ્રામ રક્ષક દળ-જીઆરડી તરીકે ફરજ બજાવે છે. રમણીકપરીએ જણાવ્યું છે કે મારા પત્નિ સવિતાબેન ૨૦૧૦ ના વર્ષમાં અવસાન પામ્યા છે. મારે સંતાનમાં ત્રણ દિકરીઓ તથા બે દિકરા છે જેમાં સૌથી મોટી દિકરી અલ્પાબેન જે વડોદરા પાસે કરજણમાં સાસરે રહે , તેનાથી





નાની દિકરી નીલમબેન છે જે જામનગરના વંથલીમાં સાસરે છે. તેનાથી નાની દિકરી રવિનાબેન છે જે મારી સાથે જ રહે છે. તેનાથી નાનો દિકરો સાવન રાજકોટમાં રહી અને છુટક મજુરી કામ કરતો હતો. મારા દિકરા સાવને દોઢ-બે વર્ષ પહેલા વર્ષા ગોપાલભાઇ ગઢવી નુ ઘર માંડ્યું હતું અને તે ઘનશ્યામનગરમાં વર્ષા ગઢવી સાથે રહેતો હતો. સાવનથી નાનો દિકરો રોહીત પણ રાજકોટમાં રહી લાદી કામની મજુરી કરે છે. મારા દિકરા સાવને રાજકોટમાં વર્ષાનું ઘર માંડેલ હોઇ બંને લગ્ન વગર પતિ-પત્નિ તરીકે સાથે રહેતા હતાં.

છેલ્લા ચારેક મહીનાથી મારા દિકરા સાવન તથા વર્ષા બેનને મનમેળ રહેતો ન હોઇ બંને અલગ-અલગ રહેવા માંડ્યા હતાં. દોઢેક મહીના પહેલા મને આ વર્ષા ગોપાલભાઇ ગઢવીએ ફોન કરીને કહ્યું હતું કે-તમારા દિકરા સાવનને તમે સમજાવો અહિ મારી સાથે સરખી રીતે રહેતો નથી અને મને છરી મારી દીધી હતી. તેમ કહી વર્ષા ફોનમાં સાવન વિરૂધ્ધ બેફામ બોલી હતી. આ વાત થયાના લગભગ આઠેક દિવસ બાદ એક અજાણ્યા નંબર ઉપરથી મને ફોન આવેલ અને ફોન કરનારે પોતે રાજકોટથી દર્શન ભુદેવ બોલે છે તેમ કહી ઓળખાણ આપેલ અને આ ભુદેવએ કોઇ મોટી ઉંમરના મહીલા સાથે વાત કરાવેલ ત્યારે આ મહીલાએ મારી સાથે વાત કરી મને કહેલ કે મારી દિકરી વર્ષાને તમારો દિકરો સાવન બહુ જ હેરાન કરે છે તેને સમજાવો.આ રીતે ફોનમાં વાતચીત થયેલ હતી તેના થોડા દિવસ પછી ફરી પાછો આ દર્શન ઉર્ફે ભુદેવનો ફોન આવેલ અને ત્યારે દર્શન ઉર્ફે ભુદેવ જેમ ફાવે તેમ બોલી અને તમારા દિકરા સાવનને સમજાવો વર્ષાનો પીછો છોડી દયે, નહીતર છરીના ઘોદા મારી દેવા પડશે તેમ કહી ધમકી આપેલ હતી.

**બે વર્ષ સાવન અને વર્ષા સાથે રહ્યા: ચાર મહિનાથી અલગ પડી ગયા હતાં: દોઢ મહિના અગાઉ પણ પ્રેમિકાને છરી ભોંકી દીધી હતી**

આ પછી આઠેક દિવસ પહેલા આ મારા દિકરા સાવનનો મને બીજા કોઇના નંબરમાંથી ફોન આવેલ અને મને કહેલ કે હુ કાલાવડ આવેલ છુ અને મારે થોડા રૂપીયાની જરૂરીયાત છે. ત્યારે મારી પાસે રૂપીયાની સગવડ ન હોઇ જેથી મે મારા દિકરા સાવનને મારી પાસે રૂપીયા નથી તેમ વાતચીત કરતા સાવન રૂબરૂ મળી શક્યો નહોતો. ત્યારબાદ ૧૪મીએ મકર સંક્રાંતિની સાંજના સાડા પાંચ-છએક વાગ્યાના અરસામાં મને રાજકોટથી પોલીસનો ફોન આવેલ અને મને જાણ કરેલ કે મારા દિકરા સાવનને રાજકોટમાં સહકાર રોડ ઉપર ગણેશ પાન કોલ્ડ્રીંકસની પાસે જય ભવાની સર્વિસ સ્ટેશન પાસે મેઘાણી નગરના ખુણા પાસે કોઇએ છરીઓના ઘા મારી દીધા છે અને તેને સારવાર માટે સીવીલ હોસ્પીટલે લઇ ગયેલ છે, તમે તાત્કાલીક આવી જાવ. આથી હું તથા મારા મીત્ર અને ભાગીદાર રાજેશભાઇ મગનભાઇ ઉનાગર બંને અમારા ગામથી અહીં રાજકોટ આવવા નીકળેલ અને આઠેક વાગ્યાના અરસામાં રાજકોટ આવેલ અને ત્યારબાદ સીવીલ હોસ્પીટલ ખાતે ગયો હતો.

ત્યાંથી મારા દિકરા સાવનને પોસ્ટ મોર્ટમ રૂમ ઉપર લઇ ગયાનું જાણવા મળેલ. જેથી હુ ત્યા ગયો હતો. પોસ્ટ મોર્ટમ રૂમ ખાતે પોલીસે મને મારા દિકરા સાવનનો મૃતદેહ બતાવ્યોહ તો. તેના શરીરે પેટમાં, છાતીના ભાગે, પડખાના ભાગે, વાસાના ભાગે, ખંભાના ભાગે. હાથના બાવળાના ભાગે, માથામાં, કપાળે સહીતની જગ્યાએ કુલ સત્તર જેટલી ઇજાઓ હતી. છરી જેવા હથીયારથી ઘા મારેલ હોય તેવું જોવામાં આવ્યું હતું. ત્યારબાદ મેં ઘટના શું બની તેની જાણકારી મેળવતા ખબર પડી હતી કે દિકરા સાવનને સંક્રાંતિની સાંજે સાડા ચારેક વાગ્યાના અરસામાં સહકાર રોડ ઉપર તે જેની સાથે રહેતો હતો તે વર્ષાબેન ગોપાલભાઇ ગઢવી તથા તેની સાથે રહેતો અને અગાઉ મને ફોનમાં મારા દિકરાને મારવાની ધમકી આપેલ તે દર્શન ઉર્ફે ભુદેવ બંનેએ મળી છરીના આડેધડ ઘા મારી અને મારી નાખેલ છે. મારો દિકરો સાવન ગૌસ્વામીને સંક્રાંતિની સાંજે સાડા ચારેક વાગ્યાના સહકાર રોડ ઉપર હતો ત્યારે અગાઉ તેની સાથે રહેતી વર્ષા ગોપાલભાઇ ગઢવી તથા તેની સાથેના દર્શન ઉર્ફે ભુદેવ બંનેએ મળી મારા દિકરો સાવન વર્ષાને હેરાન કરતો હોઇ તેનો ખાર રાખી છરીના આડેધડ શરીરે પેટમાં, છાતીના ભાગે, પડખાના ભાગે, વાસાના ભાગે, ખંભાના ભાગે, હાથના બાવળાના ભાગે, માથામાં, કપાળે સહીતની જગ્યાએ સત્તર જેટલા આડેઘડ ઘા મારી હત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું.

તેમ વધુમાં રમણીકપરીએ કહેતાં પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, એએસઆઇ રાઇટર નિલેષભાઇ મકવાણા સહિતે ગુનો નોંધ્યો હતો. આરોપીઓ વર્ષા અને દર્શન ઉર્ફે ભુદેવને પકડી લઇ કાર્યવાહી કરી હતી. ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવના માર્ગદર્શન હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રેમીકા માટે ત્રાસરૂપ બની ગયેલા પ્રેમી યુવાનની હત્યાની ઘટનાથી શહેરમાં ચકચાર મચી ગઇ હતી.